# પ્રકરણ-3

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ

# પ્રકરણ-૩

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ

ઈ.સ. ૧૯૨૬માં જન્મેલાં ધીરૂબહેન પટેલ ગુજરાતી સાહિત્યનાં આધુનિક યુગનાં સ્ત્રી લેખિકા છે. તેમણે નવલકથા, લઘુનવલકથા, નવલિકા, હાસ્યકથા, નાટક જેવાં ઘણા સાહિત્ય સ્વરૂપોમાં સર્જન કર્યું છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં લેખનનો પ્રારંભ ઈ.સ. ૧૯૫૫માં વાર્તા લેખનથી શરૂ કર્યો. વાર્તાકાર તરીકે તેમણે પાંચ વાર્તાસંગ્રહો આપ્યાં છે. જેમાં 'અધૂરો કૉલ' (૧૯૫૫), 'એક લહર' (૧૯૫૭), 'વિશ્રંભકથા' (૧૯૬૬), 'ટાઢ' (૧૯૮૭) અને 'જાવલ' (૨૦૦૧) છે. આ પાંચ વાર્તાસગ્રહોમાં સો જેટલી વાર્તાઓ પ્રાપ્ત થાય છે. તેમાંથી ૫૬ વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. આ વાર્તાઓને રસપ્રદ બનાવવા સંઘર્ષ જરૂરી છે. વાર્તામાં વિવિધ પાત્રોના દૃષ્ટિકોણથી કેવી રીતે જીવવું તે વિશે પ્રશ્નો ઊભા કરે છે. સંઘર્ષ એ વિરોધી માન્યતા, ઇચ્છા અથવા લક્ષ્યોનો પરિચય કરવા પૂરતો નથી, પરંતુ પાત્રના માનસિક વિશ્વ દર્શાવવા માટે કરે છે. દરેક વાર્તામાં દરેક પાત્ર શું માને છે તે વિશેના વિચારો અને તે માન્યતાઓ માટેનો પડકાર કેવી રીતે કરે છે તેની વાત કરી છે.

ધીરૂબહેન બાહ્ય અને આંતરિક મનોવિશ્વ રચવા પાછળ તેમના જીવનના અનુભવને જવાબદાર ગણાવે છે. આ વિશે તેઓ પોતાના બુદ્ધિપ્રકાશના અંકમાં પ્રકાશિત કેફિયતના લેખમાં જણાવે છે કે,

"નાનપણથી જાણે હું બે જીવન જીવતી આવી છું. એક તો છે સપાટી પરનું વ્યાવહારિક જીવન, જેની સ્થૂલ ઘટનાઓ બહારનું જગત જોઈ શકે, જાણી શકે, મૂલવી શકે. બીજું છે મારી એકલીનું અંદરનું જીવન, એમાંથી જ મારા સાહિત્યનો ઉગમ થયો છે."[i]

તેમના સાહિત્યમાં આંતરિક વિશ્વને પ્રગટ કરતી વાર્તાઓનું આલેખન છે. આ ભાવનાત્મક સંઘર્ષ એ માનવસંબંધોમાં સતત ચાલતી પ્રક્રિયા છે. તે મનની પીડાદાયક સ્થિતિ છે. સંઘર્ષ વ્યક્તિના બે મજબૂત વિચારો અથવા ભાવનાઓના કારણે થાય છે. આ ભાવનાઓ હકારાત્મક અને નકારાત્મક પણ હોઈ શકે છે. હકારાત્મક ભાવના વ્યક્તિના વર્તનને યોગ્ય દિશામાં વાળે છે, જ્યારે ક્રોધ, ઈર્ષ્યા, ભય, શોક જેવી ભાવના વ્યક્તિના જીવનમાં પ્રતિકૂળતા સર્જે છે. જેના કારણે વ્યક્તિ ભાવનાત્મક સંઘર્ષનો અનુભવ કરે છે. વ્યક્તિનું મન અને બાહ્ય વિશ્વ એકબીજા સાથે સંબંધિત છે. બાહ્ય વિશ્વમાં જે ઘટનાઓ બને છે તેવી જ ઘટનાઓ વ્યક્તિના માનસિક વિશ્વમાં બને છે. ઘણીવાર બાહ્ય વિશ્વની ઘટનાઓ માનસિક વિશ્વની ઘટનાઓનું કારણ બને છે. દરેક વ્યક્તિની રૂચિ જુદી જુદી હોય છે. આ રૂચિઓને પૂર્ણ કરવા માટે વ્યક્તિ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંઘર્ષ કરે છે.

આંતરિક અને બાહ્ય પ્રક્રિયાઓને કારણે સ્ત્રીના ભાવવિશ્વમાં સંઘર્ષ જન્મે છે. આ સંઘર્ષ ઇચ્છાઓ, આકાંક્ષાઓ, આત્મસન્માન, કુટુંબની જવાબદારી વગેરેના કારણે ઉદ્દભવે છે. આંતરિક સંઘર્ષ ત્યારે થાય છે જ્યારે કોઈ પાત્ર પોતાની વિરોધી ઇચ્છાઓ અથવા માન્યતાઓ સાથે સંઘર્ષ કરે છે. જ્યારે બાહ્ય સંઘર્ષમાં કોઈ પાત્ર પોતાની બહારની કોઈપણ વ્યક્તિ, જૂથ કે સમાજ સાથેના સંઘર્ષના કારણે પોતાના લક્ષ્યો સુધી પહોંચી શકતી નથી.

વાર્તાકારના વાર્તાવિશ્વમાં વિવિધ પ્રકારના ભાવનાત્મક સંઘર્ષ ધરાવતી સ્ત્રીપાત્રોનો ઉલ્લેખ છે. વૈવિધ્યપૂર્ણ સામાજિક સંબંધોની છબી અંકિત કરવાનો વાર્તાકારે સફળ પ્રયાસ થયો છે, જેમાં પતિ-પત્ની ઉપરાંત ભાઈ-બહેન, વહુ-સાસુ, મા-દીકરી, ભૂતપૂર્વ પ્રેમી-પતિ જેવા સંબંધોની સૂક્ષ્મ રજૂઆતનું તથ્ય ધ્યાન ખેંચે છે. આ ભાવનાત્મક સંઘર્ષ ફક્ત સ્ત્રીપાત્ર જ અનુભવે છે એવું નથી. પુરુષપાત્રો પણ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે.

આ વાર્તાઓમાં આવતાં સ્ત્રીપાત્રનાં બાહ્ય કરતાં આંતરિક ભાવોને પ્રાધાન્ય આપી તેની વેદના-સંવેદના રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગ્રામીણ સમાજ હોય કે નગર સમાજ, નિમ્ન સમાજ હોય કે ભદ્ર સમાજ, દરેક સમુદાયની સ્ત્રીપાત્રોની સમસ્યાઓ તેમજ સંઘર્ષને વર્ણવ્યા છે. જે-તે પાત્રોનાં સંઘર્ષની તીવ્રતા મહત્તમ, મધ્યમ કે નિમ્ન સ્તરની છે તે નક્કી કરી તેને પાંચ જૂથમાં વર્ગીકરણ કર્યા છે.

હું જે અભ્યાસ કરવા જઈ રહી છું તે ધીરૂબહેન પટેલની વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ અંગેનો છે. તેમની વાર્તાઓમાં રહેલો સંઘર્ષ ક્યાંથી, કેવી રીતે અને શા માટે પ્રગટ થયો? તેની પ્રક્રિયા આ પ્રકરણમાં જોઈએ.

આ વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક સંઘર્ષને તીવ્રતા પ્રમાણે નીચે મુજબ નક્કી કરેલી શ્રેણીમાં સમાવિષ્ટ કર્યા છે. .

- સ્ત્રીનો સ્વ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો પુરુષ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો સ્ત્રી સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- સ્ત્રીનો સમાજ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ
- અન્ય સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ

## જૂથ ૧: સ્ત્રીનો સ્વ સંઘર્ષ

વાર્તાકારના વાર્તાવિશ્વમાં સ્ત્રીપાત્રો માનસિક મથામણને કારણે સ્વ સંઘર્ષ અનુભવે છે, જેનો સ્વ સાથેના સંઘર્ષમાં સમાવેશ કર્યો છે. સ્ત્રીપાત્રો સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાતાં કયાં કયાં પરિબળોનો સામનો કરે છે તેમજ તેની મનોસ્થિતિમાં શું ચાલી રહ્યું છે તેની અસરની વાત કરી છે. સ્ત્રી પોતાનાં જીવનમાં બહેન, માતા, વહુ, પત્ની વગેરેની ભૂમિકા ભજવે છે. તે પોતાની બધી જવાબદારી નિભાવે છે, છતાંય સ્ત્રી પોતાનાં હક માટે માનસિક મથામણ અનુભવે છે. આ ભાવનાત્મક સંઘર્ષની અસર વાર્તાનાં પાત્રો પર એટલી વ્યાપક છે કે તે પાત્રનાં પ્રત્યક્ષીકરણ, પૂર્વગ્રહો, વલણો, વિચારો, વર્તન વગેરેને અસર કરે છે. વાર્તાનાં મુખ્ય પાત્રના સંઘર્ષની સાથે ગૌણ સંઘર્ષને પણ વણી લીધા છે.

વાર્તાકારના વાર્તાવિશ્વમાં અલગ અલગ સંઘર્ષ અનુભવતી સ્ત્રીઓનો ઉલ્લેખ છે.

પોતાની અપેક્ષા મુજબ પતિ ન મળવાથી સ્ત્રી મનોમંથન કરે છે. પોતાનું અસ્તિત્વ જોખમમાં મૂકાતાં સંઘર્ષની સ્થિતિમાં મૂકાતી જોવા મળે છે. સંતાનોના કારણે સંઘર્ષ અનુભવતી  સ્ત્રી જાત સાથે મથામણ અનુભવતી જોવા મળે છે.

પાત્રના આંતરિક વિશ્વમાં સંઘર્ષ કેટલો તીવ્રતાથી ઉત્પન્ન થાય છે તેની અસર તપાસી છે. આ વાર્તાઓમાં સ્ત્રી અન્યને ખાતર પોતાનો પ્રેમ, પ્રતિષ્ઠા, સ્વમાન, અરમાનનો ભોગ આપતી જોવા મળે છે. આ જૂથમાં વાર્તાસંગ્રહ પ્રમાણે ૧૮ વાર્તાઓનો સમાવેશ થાય છે. જેમાં સંઘર્ષને તીવ્રતમ, તીવ્ર, મધ્યમ અને નિમ્ન તીવ્રતા એમ ચાર શ્રેણીને આધારે ગોઠવણી કરી છે.

'મનામણાં' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સૂરજબાના લગ્ન રામભાઈ સાથે થાય છે. લગ્ન બાદ સૂરજબા ઘરની જવાબદારી સંભાળવા માગતાં હતાં. તેમની એ ઇચ્છા પૂર્ણ થતી નથી. ઘરમાં રૂપબા (જેઠાણી) જ ઘરની સંપૂર્ણ જવાબદારી સંભાળતાં. રામભાઈ અને મણિ (દીકરી) પણ પોતાના કરતાં રૂપબાને સન્માન આપે છે. સૂરજબાને ઘરમાં પોતાનું અસ્તિત્વ હોય તેમ લાગતું નથી. તે તીવ્ર માનસિક મથામણ અનુભવે છે. સૂરજબા બોલે છે,

"બળ્યો મારો અવતાર. પેટની જણી છોડી તે ય મારી નઈં અને સાત જન્મારાં દુશ્મન હાથમાં માળા લઈને બેઠાં છે. એમના પેટનું  પાણી ય નથી હાલતું."(પૃ. ૨૬)

આ રીતે ઘરમાં રૂપબાને સન્માન મળવાથી સૂરજબા અસલામતી અનુભવે છે. રામભાઈ પણ સૂરજબા સાથે અબોલા લે છે. પતિના આવા વર્તનથી સૂરજબાને આઘાત લાગે છે.

'એ વાત ખોટી છે' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પ્રભાના માતા-પિતાનું અવસાન થાય છે. પ્રભા પોતાની નાની બહેન અલકા સાથે એકલા રહેવાનું નક્કી કરે છે. વડીલોની ચેતવણી અને લોકોની હાંસીના કારણથી પ્રભા અપરણિત રહેવાનો નિર્ણય કરે છે. અલકાના ભવિષ્યનો વિચાર કરી પ્રભા અભ્યાસ પણ છોડી દે છે. અજાણ્યો યુવાન પ્રભાનો પીછો કરી ઘર સુધી પહોંચે છે. અલકા પ્રભાના ચારિત્ર્ય પર શંકા કરે છે. પોતાની સગી બહેન જ વિશ્વાસ કરતી નથી. તેનું હૃદય કંપી ઊઠે છે. બહેનના આવા વર્તનથી પ્રભા રાત્રે ઊંઘી શકતી નથી. બહેન ખાતર સર્વસ્વ ત્યાગ કર્યાના વિચારથી પ્રભા તીવ્ર મથામણ ચાલે છે. તે વિચારે છે કે,

"પોતે આટલા પ્રેમથી ઉછેરેલી નાનકડી બહેન જ જો પોતાનું કહ્યું માનવા તૈયાર ન હોય તો પછી જિંદગીનો અર્થ જ શો?" (પૃ. ૧૨૫)

આ રીતે અલકા બહેન ખાતર પોતાનો અભ્યાસ છોડી દે છે. એ બહેન જ અલકા પર શંકા કરતાં પ્રભા સ્વ સંઘર્ષની સ્થિતિમાંથી પસાર થાય છે.

'કલાકારની પત્ની' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રેખા સંગીતપ્રેમી છે. રેખા કિશોરનું સંગીત સાંભળી તેની સાથે લગ્ન કરે છે. લગ્ન બાદ તે જાણે છે કે કિશોરનું હૃદય તેના સંગીત જેવું મધુર નથી. આ ઘટના બનવાથી રેખાના મનમાં સંઘર્ષનું બીજ ઉત્પન્ન થાય છે. તેને કલ્પેલા પતિ મળવાની અપેક્ષાથી વિરુદ્ધ પતિ પામવાથી તે માનસિક મથામણ અનુભવે છે. એકવાર કિશોરનો મિત્ર આપઘાત કરે છે. કિશોર મિત્રની જ ભૂલ ગણાવે છે. આ ઘટના રેખાના સંઘર્ષમાં વધારો કરે છે. રેખા કિશોરના લાગણીશૂન્ય હૃદયને ઓળખે છે. તેને જાણ થાય છે કે પોતાને મળેલો પતિ પોતાની કલ્પેલી છબી કરતાં અલગ જ વિચારસરણીવાળો છે.

"રેખાને દેખાઈ ગયું કે જીવન પ્રત્યે પોતાના અને કિશોરના દૃષ્ટિકોણ તદ્દન જુદા જ હતા." (પૃ. ૧૫૪)

રેખાએ પતિ તરીકેની જે કલ્પના કરી હતી તેનાથી વિરુદ્ધ પ્રકૃતિનો પતિ મળવાથી રેખા સંઘર્ષ અનુભવે છે.

'અંધારી રાત' ('એક લહર', ૧૯૫૭)

નિરુપમા અને મહેશ દીકરી અનુરાધા સાથે મુંબઈ ફરવા જાય છે. ત્યાં અનુરાધા ખોવાઈ જાય છે. અનુરાધા સાથે અનિચ્છનીય ઘટના બનવાના વિચારથી નિરૂપમા અને મહેશ સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. દીકરીની ચિંતામાં બંને રાત્રે ઊંઘી પણ શકતાં

નથી. આ પરિસ્થિતિમાં નિરૂપમા જે સંઘર્ષનો અનુભવ કરે છે તે જ સંઘર્ષ મહેશ પણ અનુભવે છે.

"...રાતના અંધારામાં એકલી પડી ગયેલી પોતાની કુમળી કળી જેવી છોકરીએ શું નહીં વેઠ્યું હોય? બંનેને જાણે ગૂંગળામણ થવા લાગી. (પૃ. ૩૩)

અનુરાધા પર શું વીત્યું હશે એ વિચાર આવતાં જ નિરુપમા અને મહેશની ચિંતા વધવા લાગે છે.

'બંધન' ('એક લહર', ૧૯૫૭)

માલતી માંદગીમાં સપડાય છે. હરિકૃષ્ણ(પતિ)નો મિત્ર માલતીની બીમારીને દૂર કરવાનો ઉપાય શોધી લાવે છે. તે કોકેઇનનો દવા તરીકે ઉપયોગ કરવા જણાવે છે. કોકેઇનના રોજિંદા ઉપયોગથી માલતીને તેનું વ્યસન થઈ જાય છે. તેના માટે પોતાની માએ બનાવેલાં સોનાનાં કડાં વેચવા તૈયાર થાય છે. તે પોતાની જાતને ધિક્કારે છે. રસૂલ નામના વ્યક્તિને સોનાનાં કડાં આપી કોકેઇન ખરીદે છે. રસૂલ જણાવે છે કે આ વ્યસન ક્યારેય છૂટી શકશે નહિ. આ સાંભળી માલતીને પોતાનું જીવન અંધકારમય લાગે છે.

"આજે એક માત્ર આ વ્યસનને કારણે કેવી હાલતમાં આવી પડી હતી!"(પૃ. ૬૯)

વ્યસનના કારણે માલતી જીવનમાં બધુ ગુમાવી બેસે છે. તેને જીવન જીવવાલાયક લાગતું નથી.

'મયંકની મા' ('એક લહર', ૧૯૫૭)

સુરેખાને સંતાન ન હોવાથી દુ:ખી રહે છે. પાંચ વર્ષ બાદ મયંકનો જન્મ થાય છે. મયંકના જન્મ પછી સુરેખાનું જીવન બદલાય છે. તે મયંક સાથે ખુશીથી દિવસો પસાર કરે છે. મયંક મોટો થવા લાગે છે. તેને બાલમંદિરમાં મૂકવાનો પ્રશ્ન આવતાં જ તેના સંઘર્ષની શરૂઆત થાય છે. સુરેખાની મયંકને ભણાવીને મહાન બનાવવાની ઇચ્છા છે. બીજી તરફ મયંકને પોતાનાથી દૂર કરવા પણ માગતી નથી. ભવિષ્યમાં મયંકના લગ્ન થશે. પત્નીના આગમનથી દીકરો પારકો થઈ જશે તે વિચારી સુરેખા સ્વ સંઘર્ષ અનુભવે છે

"કોણ હશે એ ભાગ્યવતી? પછી તો મયંક અને એ સૌભાગ્યવતી પોતાનો આગવો ગૃહસંસાર રચશે. એમાં પોતે ક્યાં હશે?" (પૃ. ૯૦)

'ગોદડી' (જાવલ', ૨૦૦૧)

લાજુ કમલાની દીકરી છે. તેનાં લગ્ન વિનય સાથે થાય છે. લાજુના પિતા દારૂના નશામાં જ ધૂત રહે છે. કમળા ગોદડી બનાવીને ઘર ચલાવે છે. લાજુ પિયર જવા માટે વિનયની પરવાનગી લે છે. વિનયની રજા મળવાથી લાજુ ખૂબ જ ખુશ થાય છે. લાજુ પિયર જતાં પહેલાં ઘણા સંકલ્પો કરે છે. તે વિચારે છે કે,

"માનું આખું ઘર ઝપાટાબંધ ચોખ્ખુંચટ કરી નાખીશ, એના માથામાં તેલ નાખીને ઓળી આપીશ, એને ગરમાગરમ શીરો કરીને ખવડાવીશ, ખૂબખૂબ વ્હાલ કરીશ, એની વાતો પૂછીશ...મારી બધી વાતો કહીશ, વિનયની ને, બેબીની ને, બેબીની નિશાળની ને, બાજુવાળાં કીકીબહેનની." (પૃ. ૧૦૪)

લાજુ આ સંકલ્પો સાથે પિયર આવે છે. તે જુએ છે માની તબિયત સારી ન હોવા છતાં ગોદડી બનાવે છે. માના હાલહવાલ જોઈને લાજુનું મગજ ગાંડુ થઈ ગયું. પોતે જે અપેક્ષાઓ સાથે પિયર આવી હતી તેનાથી વિપરીત પરિસ્થિતિ જોઈને લાજુને સંઘર્ષનો અનુભવ થાય છે.

'લગ્નની ભેટ' ('એક લહર', ૧૯૫૭)

નાયિકા અને નાયકના લગ્ન થાય છે. નાયકને નિરંજના (સ્ત્રીમિત્ર) સુખડની પેટી ભેટમાં આપે છે. નાયિકાનો પતિ વારંવાર એ પેટીના વખાણ કરે છે. પતિનો આવો વ્યવહાર નાયિકાને પસંદ નથી. તે પેટીને ઘરમાંથી બહાર કાઢવાના પ્રયત્નો કરે છે. પતિને આ વાતની જાણ થતાં પોતાને વહેમી માની લેશે એમ વિચારી સ્વ સંઘર્ષ અનુભવે છે.

'કેટલીયે વાર મનમાં થતું, એમને પગે પડીને કહી દઉં કે મહેરબાની કરીને આ પેટી અહીંથી લઈ લો. મારાથી એની સામે જોવાતું નથી. પણ એવું કરું તો એ મને વહેમી, નબળા મનની ને અદેખી ગણીને હસી જ કાઢે ને! કોને ખબર છે, એમ કરવા જતાં હું એમના મનથી તદ્દન ઊતરી જાઉં તો?' (પૃ. ૧૪૯)

આ રીતે પેટીને ઘરમાંથી બહાર કાઢવાના પ્રયત્નો નિષ્ફળ જતાં નાયિકા સંઘર્ષની પરિસ્થિતિમાં મૂકાય છે.

'પ્રાર્થના' ('ટાઢ', ૧૯૮૭)

શુભા નાયિકા અને અક્ષયની દીકરી છે. શુભા યુવાન થાય છે. તે મિત્રો સાથે મોડી રાત સુધી ઘરની બહાર રહે છે. નાયિકા શુભાને અટકાવી શકતી નથી. એકતરફ

નાયિકાને શુભાની ચિંતા થાય છે. બીજી તરફ નાયિકા વિચારે છે કે તેને ટોકવાથી શુભા ઘરમાંથી ચાલી જશે. આ બે પાસાંનો વિચાર કરી તે માનસિક મથામણ અનુભવે છે. જુઓ,

"એકાકીપણાનો મને ડર લાગે છે. ને સૌથી વધારે તો મને એ ડર લાગે છે કે જો એક વખત એવું બની જાય તો પછી...મારી શુભાને ક્યારેક ઠેસ લાગે તો હું ખમા! કહેવા પણ હાજર ન હોઉં. એ ન જીરવાય." (પૃ. ૫૩)

શુભા મોડી રાત સુધી એના મિત્રો સાથે ફરે છે. શુભાનું આ વર્તન અક્ષયને પસંદ નથી. અક્ષય શુભાના આ વર્તન પાછળ નાયિકાને જવાબદાર ગણે છે. અક્ષય માને છે કે નાયિકા મા તરીકે ફરજ બજાવવામાં નિષ્ફળ ગઈ છે. અહીં શુભાને લઈને નાયિકા અને અક્ષય વચ્ચે સંઘર્ષમય પરિસ્થિતિ ઊભી થાય છે. જુઓ

"અક્ષય ખિજાય છે. એમને આ બધું નથી ગમતું.....હું મા તરીકેની ફરજ બજાવવામાં સદંતર નિષ્ફળ ગઈ છું, એ માને છે કે શુભાની આંખો નીચેના ડાઘા મને દેખાતા નથી." (પૃ. ૫૨)

'મગમાળા' ('જાવલ', ૨૦૦૧)

શાલિનીને કાકીની ગળામાં પહેરેલી મગમાળા ખૂબ ગમતી હતી. શાલિનીની મગમાળા મેળવવાની ઇચ્છા મનમાં જ રહી ગઈ. તેના લગ્ન થાય છે. વર્ષો વીતી ગયાં. શાલિની ઘરડી થઈ જાય છે. અચાનક તેને મગમાળા યાદ આવે છે. સુરેશને(પતિ) પોતાની પાસે કરકસર કરીને બચાવેલા રૂપિયામાંથી તે મગમાળા ખરીદવા જણાવે છે.

આ ઉંમરે મગમાળા સારી નહીં લાગે એમ શાલિની વિચારે છે. તે રૂપિયા બેંકમાં મૂકી આવવાનું જણાવે છે. સુરેશ તેની ઇચ્છાને પૂર્ણ કરવા માગે છે.

સુરેશ પોતાની બચતના રૂપિયા ઊમેરી સોનાની સાંકળ લઈ આવે છે. પરંતુ શાલિનીને મગમાળા જ લેવાની ઇચ્છા હતી. સુરેશ કહે છે કે, મગમાળામાં બહુ રેણ આવે. ફરી વેચવા જઈએ ત્યારે કંઈ હાથમાં ન આવે. આ વાર્તામાં શાલિની આર્થિક પરિસ્થિતિના કારણે પોતાની ઇચ્છાને પૂર્ણ કરી શકતી નથી.

"ક્યારેક તે ચિડાતી, ક્યારેક લૉટરીની ટિકિટ પણ લઈ નાખતી. તોયે મગમાળા પાસે આવતી નહોતી." (પૃ. ૧૯૩)

'ગઈકાલની ખાનદાની' ('એક લહર', ૧૯૫૭)

મહાલક્ષ્મીના પતિ દયાશંકરને ગોરને પેઢીઓ જૂનું ગોરપદું હતું. દયાશંકરનું આકસ્મિક અવસાન થાય છે. મહાલક્ષ્મીને પોતાનું અંગત દુઃખ સૌથી વધારે થાય છે.

"મહાલક્ષ્મી ગોરાણીને વૈધવ્યનું દુઃખ ભાવિની ચિંતાના સાજ સજીને અનેકગણું વધારે અસહ્ય બની મૂંઝવવા લાગ્યું." (પૃ. ૭૬)

દયાશંકરના અવસાનથી મહાલક્ષ્મી આર્થિક સંકળામણ અનુભવે છે. મહાલક્ષ્મીની મદદ માગવા પાછળ પણ લોકો તેના ચારિત્ર્ય અંગે વિચાર કરે છે. તે મજૂસમાં રૂપિયા શોધવાનો પ્રયત્ન કરે છે. મહાલક્ષ્મી પોતાના સંતાનોની ચિંતા કરી સ્વ સંઘર્ષ અનુભવે છે.

"હું બાઈ માણસ, કોની આગળ હાથ લાંબો કરવા જાઉં? છોકરાં તો બાપડાં છેક સિવાઈ ગયાં છે. પડ પડ તો કે સદાવડી. એય ગયા અને એમની મૂડીય સાથે લેતા ગયા." (પૃ. ૭૯)

'નટવાનો દોર' ('એક લહર'. ૧૯૫૭)

નાયિકા અને નિશીથ આઝાદીની ચળવળ માટેના કાર્યમાં જોડાયેલાં છે. નાયિકા નિશીથને મનોમન ચાહે છે. આ વાતથી નિશીથ સાવ અજાણ છે. નિશીથ તેને ફક્ત મિત્ર માને છે. તે સ્ત્રીઓના પ્રેમમાં પડવાની ઝંઝટથી દૂર રહેવા માગે છે. નિશીથના સ્ત્રીઓ પ્રત્યેના વિચાર જાણી નાયિકા માનસિક મથામણ અનુભવે છે.

"પણ મારી જાતને છેતરવાનો કશો જ ફાયદો નહોતો. મારી આંખમાંથી જે ગરમગરમ આંસુ વહેતાં હતાં તે થાકનાં નહોતાં, ડરનાં નહોતાં, નિષ્ફળ રોષનાં હતાં. મનને મનાવવાનો કાંઈ અર્થ જ નહોતો, હું સંપૂર્ણપણે નિશીથના પ્રેમમાં પડી ચૂકી હતી. હવે બચવાનો આરો હતો જ નહીં. (પૃ. ૧૩૪)

'વિશ્રંભકથા' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

મંગળા જનકરાય(પતિ) અને વિશ્વાસ(પુત્ર) સાથે રહે છે. મંગળા પોતાની મરજી મુજબ જીવન જીવતી નથી. તે બધાના કહ્યા મુજબ જ કામ કરે છે. એકવાર મંગળા જનકરાય અને વિશ્વાસ સાથે મણિકર્ણિકાના દર્શનાર્થે જાય છે. ત્યાં મંગળા છૂટી પડી જાય છે. વિશ્વાસ ખોવાયેલી માતાને શોધે છે. મંગળાનો જૂની સખી સાથે ભેટો થઈ જાય છે. તે બહુ જ ખુશ દેખાતી હતી. એની સખી મંગળાના પ્રેમી વિનાયકની વાત કરે છે.

અહીં મંગળાના પૂર્વજીવનનો અનુભવ ઉઘડી જાય છે. અહી તેનું મનોવિશ્વ વ્યક્ત થાય છે કે મંગળા પોતાના પસંદગીના પાત્ર વિનાયક સાથે પરણી શકી નથી.

"મંગળાનો તો ઊંચો સૂર જ કોઈએ સાંભળ્યો નહોતો. હંમેશાં તે ઘરમાં કામ કર્યા કરતી, બધાંને મરજી મુજબ રસોઈ બનાવી આપતી, કોઈનું કંઈ ખોવાય તો શોધી દેતી, જે કોઈ વઢવા બેસે તેનું સાંભળી લેતી. હંમેશાં તે બધાથી દબાતી આવી છે. પહેલાં સાસુ સસરાથી, પછી પતિથી, અને હવે વહુ-દીકરાથી." (પૃ. ૩)

'એક વખત' ('જાવલ', ૨૦૦૧)

વાર્તાની શરૂઆતમાં વીજળી જાય છે. સુષમા અને પરાશર અંધારામાં શું કરવું તે વિચારે છે. ઘરડાં હોવાથી અંધારામાં કંઈ પણ શોધવું મુશ્કેલ હતું. આથી પરાશર 'એક વખત' નામની રમત રમવાનું જણાવે છે.

તેઓ ભૂતકાળની ઘટના યાદ કરીને સમય વ્યતીત કરે છે. પરાશર ઇન્દુ વેદ સાથે બનેલી ઘટના યાદ કરે છે. તે શાળા છોડીને ચાલ્યા ગયો ત્યાં સુધીનો પ્રસંગ જણાવે છે. સુષમા એ જ ઇન્દુ વેદ વિશે વાત કરે છે. સુષમા કહે છે તે અમારી શાળામાં ભણવા આવ્યો. ધીમે ધીમે અમારી વચ્ચે પ્રેમ વધતો ગયો. પરણવાનું પણ નક્કી થઈ ગયું. પરંતુ તેના બાપુજીની બદલી આસામ થઈ ગઈ. એ વાત ભુલાઈ ગઈ. વાત પૂરી થઈ એટલામાં વીજળી આવી ગઈ. સુષમાને આંખોમાં આંસુ હતાં. સુષમા ઇન્દુને ભૂલી શકી નથી એ વિચારી સંઘર્ષ અનુભવે છે.

"હું માનતી હતી કે ભુલાઈ ગઈ છે....એ કદાચ પરાશરને નહીં, પોતાની જાતને જ કહી રહી હતી." (પૃ. ૪૮)

'સત્તરમી વસંત' ('જાવલ', ૨૦૦૧)

આશા પતિ અને રીટા (પુત્રી) સાથે રહે છે. આશાને રોહિણીની (બહેનપણી) પુત્રી અમોલા પ્રત્યે ખૂબ જ વહાલ હતો. અમોલાને દુ:ખી જોઈને આશાનો જીવ બળતો. અમોલા બિરજુને પ્રેમ કરે છે. આ વાત જાણી આશા અને રોહિણીને અમોલાની ચિંતા થાય છે. આશા અમોલાના સારા ભવિષ્ય માટે બિરજુ વિશે સવાલો કરે છે. અમોલાને માસી આશાનું આ વલણ ગમતું નથી.

"જે સત્તરમી વસંતે અમોલાની દૃષ્ટિમાં સ્નેહનું અંજન આંજી દીધું હતું. તેનાથી હું ઘણી બધી દૂર નીકળી ગઈ હતી." (પૃ. ૧૦૧)

આશા જાણે છે કે હવે તેની અને પોતાની વચ્ચે પહેલાં જેવો સંબંધ નહી રહે એ વિચારી સ્વ સંઘર્ષ અનુભવે છે.

'સોનેરી પક્ષીનું પીંછું' (ટાઢ', ૧૯૮૭)

નાયિકાનો પતિ અતુલ કંપનીમાં નોકરી કરે છે. તેમના શેઠના સરિતાબહેન સાથે પુનર્લગ્ન થવાનાં છે. કીર્તિભાઈ સરિતાબહેનનું મન જીતવા માંગે છે. કીર્તિભાઈ સરિતાબહેનના પુત્ર મલયને નોકરી અપાવડાવે છે. મલય આ નોકરી માટે પોતાને લાયક સમજતો નથી. આવી જિંદગી અને નોકરી બંને અસહ્ય લાગે છે. મલય નાયિકાને તેની સમસ્યાની વાત કરે છે. મલયનું માનવું  છે કે કામ ન આવડે છતાં નોકરી કરવી તેમજ પગાર લેવો ઉચિત નથી. નાયિકા જણાવે છે કે દુનિયા તો આમ જ ચાલે છે. મલય નાયિકાનો પ્રત્યુત્તર આપતાં  કહે છે કે,

"બહેતર છે કે એ ચાલતી બંધ થઈ જાય." (પૃ. ૬૧)

આ સાંભળી નાયિકા વિચારે છે કે, પોતાને પતિ, બાળકો, સમાજ , પ્રતિષ્ઠા બધુ જ છે. તે દુનિયાથી કંટાળી હોવા છતાં તેને જીવવું પડશે. આવું જીવન જીવવાની નાયિકાને ટેવ પડી ગઈ છે. મલય આવી દુનિયાથી દૂર જવાની વાત કરે છે. પોતે એમ કરી શકવાની નથી એમ વિચારી નાયિકા સંઘર્ષ અનુભવે છે.

"હું તો એક સુખી ગૃહિણી છું. શાંત અને સ્વસ્થ. મારે અતુલ છે, અલકા છે, ઘર છે, સમાજ છે, પ્રતિષ્ઠા છે, દુનિયાથી ગમે તેટલી કંટાળું તોયે હું મલયની માફક મોકળે મને કહી શકવાની નથી, બહેતર છે કે દુનિયા ચાલતી બંધ થઈ જાય!" (પૃ. ૬૨)

'મારા મનથી એમ કે' (ટાઢ', ૧૯૮૭)

શિલ્પાના લગ્ન સુનીલ સાથે થાય છે. શિલ્પાના શરૂઆતના દિવસો ખૂબ જ આનંદમાં પસાર થાય છે. બંને હનીમૂન પરથી પાછા ફરે છે. બીજે જ દિવસે સુનીલ અલકા(પ્રેમિકા) સાથે ભાગી જાય છે. આ સમાચાર ફેલાતાં પરિવારજનો શિલ્પાને સુનીલના ભાગી જવાનું કારણ પૂછે છે. જીવનમાં એને ક્યારેય પ્રશ્નોના જવાબ શિખવાડવામાં આવ્યા નહોતાં. તેણે આ પરિસ્થિતિમાં શું કરવું તેની સમજ ન પડવાથી અજંપો અનુભવે છે.

"ઘરનાં, ઘરનાં માણસોને, જતા રહેલા સુનીલની, જિંદગીનાં બાકી રહેલાં વર્ષોનાં, ભૂલેશ્વર ગયેલી મમ્મીની, નહીં આવેલા પપ્પાની, દીવાનખૂનાની સેટીને એક ખૂણે એ કોકડું વળીને બેસી રહી..." (પૃ. ૮૪)

'ઘરનું માણસ'('ટાઢ', ૧૯૮૭)

નાયિકાનો પતિ ઘરની જવાબદારીઓથી ભાગી હનુમાનજીનો ભક્ત બને છે. નાયિકા પતિ અને સંતાનોને જીવાડવા કામ કરી ઘર ચલાવે છે. તે નાની વહુને જણાવે છે કે,

"કામકાજની ટેવ નહીં ને છોકરાં થયાં. ત્રણ ટકાની તોલડીનાં તેર વાનાં ભેગાં કરવાનાં ભાર જ્યારે બહુ વસમો લાગ્યો ત્યારે પાછા હનુમાનજી ભેળા થઈ ગયા." (પૃ. ૧૦૭)

ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે આ જૂથમાં સ્ત્રી સ્વ સાથે સંઘર્ષ અનુભવતી ૧૮ વાર્તાઓ છે. જેમાં ૭ વાર્તાઓ તીવ્રતમ, ૩ વાર્તાઓ તીવ્ર, ૫ વાર્તાઓ મધ્યમ અને ૩ વાર્તાઓ નિમ્ન તીવ્રતા ધરાવતી જોવા મળે છે. જેમાં સ્ત્રીના અસ્તિત્વ, અસલામતી, અપેક્ષાભંગ, અસંતોષ વગેરે જેવા સંઘર્ષના સ્વરૂપોનું આલેખન છે.

સ્વસંઘર્ષના આ જૂથને તપાસતાં નજરે પડે છે કે સ્ત્રીના આંતરિક સંઘર્ષના સ્વરૂપમાં ઘણી વિવિધતા જોવા મળે છે. સંઘર્ષના આ નિરૂપણમાં જોઈએ તો 'એ વાત ખોટી છે' વાર્તામાં સ્ત્રીના ચારિત્ર્ય પર શંકા ઊઠતાં તેના મન પર ઘેરી અસર થાય છે. તે સંઘર્ષ તીવ્ર બનતાં તે પોતાની માનસિકતા પણ ગુમાવી દેતી જોવા મળે છે. તો 'કલાકારની પત્ની' વાર્તામાં સ્ત્રીને અપેક્ષા મુજબ પતિ ન મળવાથી સંઘર્ષની અનુભૂતિ થાય છે. જેના કારણે તે પોતાના મન પરનો કાબૂ ગુમાવી બેસતાં ઢળી પડે છે. પતિસુખથી વંચિત રહી ગયેલી સ્ત્રીનો અપેક્ષાભંગ પણ સ્વ સંઘર્ષનું કારણ બને છે. જેમાં 'વિશ્રંભકથા', 'નટવાનો દોર', અને 'એક વખત' જેવી વાર્તાઓમાં સ્ત્રી પોતાના પ્રેમી સાથે લગ્ન કરી શકી નથી. તો 'મનામણાં' વાર્તામાં સ્ત્રી પોતાના અસ્તિત્વ તેમજ અસલામતીના કારણે અજંપો અનુભવતી જોવા મળે છે.

આ જૂથમાં સંતાનના કારણે સંઘર્ષ અનુભવતી સ્ત્રીની મનોસ્થિતિને વર્ણવતી 'અંધારી રાત' અને 'મયંકની મા' વાર્તાનો સમાવેશ છે. જેમાં એકતરફ સંતાનને ગુમાવી દેતી માતાનો સંઘર્ષ છે. તેની અસર તીવ્ર બનતાં તેને પોતાની ભૂખ, તરસ કે ઊંઘનું પણ ભાન રહેતું નથી. તો બીજી તરફ ભવિષ્યમાં સંતાનના લગ્ન થઈ જશે એમ વિચારી માતા સંઘર્ષ અનુભવે છે. આ ઉપરાંત વ્યસનની લતે ચડી જતી સ્ત્રી, વિધવાવસ્થાને કારણે સંઘર્ષ અનુભવતી સ્ત્રી, પતિના અનૈતિક સંબંધો તેમજ અપેક્ષા વિરુદ્ધની પરિસ્થિતિ ઊભી થવાના કારણે સ્ત્રી ભાવનાત્મક સંઘર્ષનો અનુભવ કરે છે.

## જૂથ ૨: સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ

સ્ત્રી હોવું એટલે શું? કોઈની પત્ની બનવું? કોઈની પ્રેમિકા બનવું? કોઈનું ઘર ચલાવવું? કોઈને માટે આખી જિંદગી સમર્પિત કરી દેવી? કોઈને લાગણી આપવી? આ કોઈ એટલે પુરુષ જ ને? અને આટલાં કાર્યો પછી સ્ત્રીની જિંદગીમાં બીજું બધું આવે, આવી શકે. પોતાની જાત માટે કશું કરવાનું, પોતાની ઇચ્છા મુજબ જીવવાનું, એકલા ફરવા જવાનું, ફાવે ત્યાં રહેવાનું એ બધું આવી શકે. પરંતુ એ બધું સ્ત્રી 'કોઈ' નામે 'પુરુષ' માટે જીવે છે. સ્ત્રીઓની ઇચ્છા, આંકાક્ષાને ઓછું જ માન મળતું આવ્યું છે. લગ્ન બાદ પુરુષોના નિર્ણયને જ સ્વીકારવા પડે છે. પોતાની ઇચ્છા અનુસાર જિંદગી જીવી શકતી નથી.

આ પ્રકારના સંઘર્ષમાં પતિ છૂટાછેડા માગતો હોવાથી સ્ત્રી પોતાના હક માટે ઝઘડતી જોવા મળે છે. એનાથી વિરુદ્ધ સ્ત્રી પતિની પ્રેમિકા માટે પોતાના અસ્તિત્વને દાવ પર મૂકતી જોવા મળે છે. પુરુષના નિર્ણયના કારણે સ્ત્રી સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

આ જૂથમાં સ્ત્રીના પુરુષ સાથેના સંઘર્ષમાં ૧૮ વાર્તાઓનો સમાવેશ થાય છે. આ સંઘર્ષને તીવ્રતાની શ્રેણી પ્રમાણે ગોઠવણી કરી છે.

‘પ્રયાગ’ (‘અધૂરો કૉલ’, ૧૯૫૫)

મંગળા અને ધનવંતરાય શ્રીમંત ઘરના દંપતિ છે. ધનવંતરાયનો સ્વભાવ ગરમ અને હઠીલો છે. તેમનો દીકરો વિનોદ પિતાની મરજી વિરુદ્ધ ઊતરતી જ્ઞાતિની રંભા સાથે પરણે છે. તેમને મન દીકરા કરતાં પોતાની પ્રતિષ્ઠાની વધારે ચિંતા છે. ધનવંતરાય વિનોદને ઘરમાંથી બહાર કાઢી મૂકે છે. ધનવંતરાયની જીદના કારણે મંગળા વિનોદને ખોઈ બેસે છે. અંતમાં મંગળા પોતાના અસ્તિત્વ અને પોતાના દીકરાની વહુ માટે ધનવંતરાય સાથે લડવા તૈયાર થાય છે.

‘પહેલા ખોળાનો વિનોદ જ્યારે એક ઘાંચીની છોકરી સાથે પરણવા માટે ઘર છોડીને ચાલી નીકળ્યો અને પતિની હઠ આગળ પોતાનું કંઈ ચાલ્યું નહીં.’ (પૃ. ૧૫૯)

મંગળા ધનવંતરાયથી ચોરીછૂપીથી વિનોદને મળે છે. એક દિવસ વિનોદ બીમાર હોવાથી મંગળાને મળવા આવતો નથી. મા તેના ઘરે પહોંચી જાય છે. વિનોદ પત્ની રંભા સાથે સાવ ગંદી પોળમાં રહેતો હતો. વિનોદને ટી.બી.ની બીમારી લાગુ પડે છે. આ સાંભળી માને આઘાત લાગે છે. ડૉક્ટરના આવતાં પહેલાં જ તેનું મૃત્યુ થાય છે. આ બાજુ ધનવંતરાયને પુત્રના સમાચાર મળે છે. તેમને પુત્ર પ્રત્યે કોઈ લાગણી થતી નથી. ઊલટાનું તે પત્ની મંગળાને લઈ જવા આવે છે. વિનોદના મૃત્યુ પછી રંભાને ઘરમાં લઈ જવા મંગળા પતિ સામે અવાજ ઊઠાવે છે.

"દીકરો ગયો પણ વહુને મૂકતો ગયો છે, વિનોદની મા થતાં તો મને ના આવડ્યું પણ આની મા તો થઈશ જ." (પૃ. ૧૬૬)

આ રીતે મંગળા પતિના લાગણીહીન સ્વભાવના કારણે વિનોદને ખોઈ બેસે છે. પુત્રનું મૃત્યુ થયું હોવા છતાં પતિને મંગળાની લાગણીની કદર નથી.

'કવિના પ્રેમપત્રો' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સુભદ્રા અને રોહિત એકબીજાને પ્રેમ કરે છે. બંનેના લગ્ન થવાનાં છે. તેઓ પત્ર દ્વારા વાર્તાલાપ કરે છે. રોહિત પત્રોને સાચવી રાખે છે. એ પ્રેમપત્રોને છપાવીને રોહિત સાહિત્યકાર બનવા ઇચ્છે છે. સુભદ્રા પત્રોને ફાડી નાખવાનું સૂચવે છે.

"સુભી, આજે એ પત્રો તને ફાડવા યોગ્ય લાગે છે. પણ એક દિવસ એ જ પત્રો સાહિત્ય જગતનું નૂર બની જશે–બ્રાઉનિંગ દંપતિની જેમ..." (પૃ. ૧૯૯)

સુભદ્રાને જાણ થાય છે કે રોહિતના પત્રો પોતાના પ્રેમના નહિ પરંતુ સાહિત્યકાર બનવા માટે લખાયેલા છે. સુભદ્રાનો ઇન્કાર કરવા છતાં રોહિત તેની વાતનો સ્વીકાર કરતો નથી. પત્રમાં પ્રેમના ખોટાં વર્ણનો કર્યા. આવા પુરુષ સાથેના લગ્નના વિચારથી સુભદ્રા કંપી ઊઠે છે. સુભદ્રાનો રોહિત પરથી વિશ્વાસ ઊઠી જાય છે.

"ક્યારે એ સાચેસાચ સ્નેહ દર્શાવે છે ને ક્યારે સાહિત્યકાર તરીકેની કારકિર્દીની ઇમારત ચણે છે તે સુભદ્રાને કેમ ખબર પડે? અંતે તેણે હૈયું ચીરી નાખે તેવો નિશ્ચય કરી લીધો." (પૃ. ૧૯૯)

આ રીતે સુભદ્રા રોહિતના પત્રોને છપાવવાના નિર્ણયને કારણે સંઘર્ષનો અનુભવ કરે છે.

'કુસુમનો મહેમાન' ('એક લહર', ૧૯૫૭)

કુસુમ અને સતીશ સુખી દંપતિ છે. કુસુમ કોમળ સ્વભાવની હતી. સતીશનો મિત્ર ડાહ્યાલાલ કુટુંબ સાથે ઝઘડીને છૂટો પડે છે. તે સતીશને ઘરે રહેવા આવવા માટેના પત્રો લખતો હતો. સતીશ તેને કંઈ જ ઉત્તર આપતો ન હતો. સતીશ ડાહ્યાલાલના સ્વભાવથી વાકેફ હતો. સંજોગવશાત ડાહ્યાલાલનો પત્ર કુસુમના હાથમાં આવે છે. સતીશની ઇચ્છા ન હોવા છતાં કુસુમ તેની પર ઘરે રહેવાનું આમંત્રણ આપી દે છે. દિવસો પસાર થાય છે તેમ કુસુમને ડાહ્યાલાલના વર્તનથી ત્રાસ થવા લાગે છે. ડાહ્યાલાલ કુસુમને જણાવે છે કે,

"બૈરાં એટલે બૈરાં! સમજવાની વાતમાં સમજવાનું નહીં ને ઘડીમાં નહાવું છે, ઘડીમાં ખાવું છે! બેસો, સાંભળો મારી વાત. કુસુમથી વિરોધ ન થઈ શક્યો."(પૃ. ૧૮૯)

ડાહ્યાલાલ ઘરમાંથી જવા માગતા નથી. કુસુમ હેરાન થઈ જાય છે. સતીશ કુસુમ પર ગુસ્સે થાય છે. સતીશ કહે છે કે,

"હવે આશા મૂકી દેજે, તારા માનીતા મહેમાન હવે જિંદગીભર અહીં જ ચોંટ્યા સમજજે." (પૃ. ૧૯૧)

કુસુમ સતીશને ખૂબ ચાહતી હતી. કુસુમ પતિના સગાસંબંધીને પણ દુ:ખી જોઈ શકતી નથી. જેથી ડાહ્યાલાલને આમંત્રણ આપી દે છે. આ સ્વભાવના કારણે કુસુમ સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

'સંયોગ' ('એક લહર', ૧૯૫૭)

રેવતી નમાયી હતી. યદુનાથ(પિતા) રેવતીને વહાલથી ઉછેરે છે. તે રેવતીના લગ્નના વિચારમાત્રથી પણ દુ:ખી થઈ જતા. રેવતીને બીજી ન્યાતના શ્રીનાથન સાથે

પ્રેમ થાય છે. તે મદ્રાસી, શ્યામ રંગનો અને ગરીબ હતો. આ જાણી યદુનાથ રેવતીને શ્રીનાથનને ભૂલી જવાનું જણાવે છે. યદુનાથના મિત્ર આનંદરાય રેવતીને જણાવે છે કે,

"યદુનાથને તો હવે જીવતેજીવ મરવાનો વારો આવશે. સાત ખોટની હથેળીમાં ઊછરેલી છોકરી જ્યારે આમ–" (પૃ. ૧૯૬)

આ સાંભળી રેવતી દુ:ખી થાય છે. એકતરફ પિતાનો વિચાર કરે છે, બીજી તરફ શ્રીનાથનનો પ્રેમ છે. આ બંને પાસાંનો વિચાર કરી રેવતી સંઘર્ષ અનુભવે છે.

'શિવનારાયણ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

શિવનારાયણ નિલીમા સાથે કૉલેજમાં ભણતો હતો. તે નિલીમાને એકતરફી પ્રેમ કરવા લાગે છે. નિલીમાનો ઇન્કાર હોવા છતાં શિવનારાયણ ચાહવાનું છોડતો નથી. નિલીમા આચાર્યને ફરિયાદ કરવાની તેમજ કૉલેજ છોડી દેવાની ધમકી આપે છે. શિવનારાયણ ઉપર ધમકીની કોઈ અસર થતી નથી. શિવનારાયણ પુસ્તકાલય, બગીચા, કૅન્ટિન વગેરે સ્થળોએ નિલીમાનો પીછો કરે છે. તેના આ વર્તનથી નિલીમા સંઘર્ષની અનુભૂતિ કરે છે.

"એનાથી હું દહાડે દહાડે વધારે ત્રાસ પામવા લાગી. કૉલેજ જાઉં ત્યારથી એ નજરે પડશે કે નહીં તેના વિચાર આવ્યા કરે. નજરે પડે ત્યારે વળી આજે શું કરશે, તેનો જ વિચાર મૂંઝવ્યા કરે. ભણવામાં જીવ લાગે નહીં અને એના તરફનો ગુસ્સો, અણગમો વધ્યે જ જાય." (પૃ. ૫૫)

કૉલેજનો અભ્યાસ પૂર્ણ થતાં નિલીમાના લગ્ન થાય છે. શિવનારાયણ પાર્ટીમાં નિલીમાને જુએ છે. શિવનારાયણ નિલીમાના પતિ પાસે ઘરનું સરનામું મેળવે છે. નિલીમા આ જાણી પતિને વળગી પડે છે.

'હું ચાહું છું' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

રત્ના અને શિરીષ એક શ્રીમંત દંપતી છે. રત્નાને ગળામાં કૅન્સરની ગાંઠ થઈ હતી. શિરીષ રત્નાના મનનો વહેમ માને છે. રત્ના ડૉક્ટરને બતાવવાની વાત કરે છે. ડૉક્ટરનું નામ સાંભળતાં જ શિરીષ ગુસ્સે થાય છે. તે કહેતો કે ડૉક્ટર ખોટા ગભરાવી મૂકશે અને પૈસાનું પાણી કરશે. રત્નાના દિલમાં આ શબ્દો ખૂંપી ગયા. એક તરફ શિરીષ જણાવે છે કે તે રત્નાને ખૂબ પ્રેમ કરે છે, બીજી તરફ  રત્નાને ડૉક્ટર પાસે લઈ જવાની ના પાડે છે. રત્ના આ સ્થિતિથી સંઘર્ષ અનુભવે છે.

"જે દિવસે રત્ના લાલ ચૂંદડી ઓઢીને આ ઘરમાંથી ચાલી જશે ત્યારે શિરીષ ભલે એના પૈસા જાળવીને બેસી રહેતો." (પૃ. ૧૧૩)

'લાલબત્તી' ('ટાઢ', ૧૯૮૭)

સુષમા બે ભાઈઓ–શ્રીકાંત અને અનિલ સાથે વસવાટ કરે છે. તેના બંને ભાઈઓ આળસુ અને કંઈ જ કામકાજ કરતા નથી. સુષમા કંપનીમાં કામ કરીને ઘર ચલાવે છે. અનિલને સમયસર જમવાનું ન મળતાં સુષ્મા પર અકળાતો. શ્રીકાંત પણ આખો દિવસ ગુરુદેવની સમાધિમાં રહેતો. સુષમાને બંને ભાઈઓનું કહ્યું માનવુ પડતું. સુષમાને ખૂબ ત્રાસ થતો. રવિવારના દિવસે હંમેશાં દાળઢોકળી જ બનતી હોવાથી તે દાળ ચડાવી કામ પતાવતી. શ્રીકાંત જમવાના સમયે સુષમાને દૂધ લઈ આવવાનું

જણાવે છે. તેના કહેવાથી સુષ્માને દૂધ લેવા જવું પડે છે. બંને ભાઈઓની માગણીઓથી કંટાળીને તે વિચારમાં ખોવાઈ જાય છે. સુષમાનો અકસ્માત થતાં રહી જાય છે.

"ઘરે શું થશે? અનિલ અને શ્રીકાંત એમની નિરંતર માગણીઓ, એમની ધૂન. એમનો નર્યો સ્વાર્થ.. અને રવિવારની દાળઢોકળી!"(પૃ. ૯૮)

સુષમા બંને ભાઈઓની માગણીઓને પૂરી કરવામાં ખૂબ ત્રાસ થતો હતો. તે પોતાની મરજીથી કંઈ જ કરી શકતી નથી. સુષમા બંને ભાઈઓને કારણે સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે.

'અનિવાર્ય સંજોગોને લીધે' ('ટાઢ', ૧૯૮૭)

શાશ્વતી અને નીરવ એકબીજાને પ્રેમ કરે છે. તેઓ બાવીસમી તારીખના રોજ લગ્ન કરી લેવાનું નક્કી કરે છે. તે દિવસે શહેરમાં કરફ્યું લાગી જાય છે. શાશ્વતી હિંમત કરીને કરફ્યુના માહોલમાં નીરવ સાથે લગ્ન કરવા નીકળે છે. શાશ્વતી નીરવને ઘરે પહોંચે છે. શાશ્વતીને જોઈને નીરવને ધ્રાસકો પડે છે. પોતાની મા શાશ્વતીને જોઈને વઢશે એ બીકથી નીરવ બેચેન બની જાય છે. નીરવ શાશ્વતીને ઘરે પરત ફરવાનું જણાવે છે. તે કરફ્યુનું બહાનું કાઢીને લગ્ન કરવાનું મુલતવી રાખે છે. શાશ્વતી પૂછે છે કે,

"આજે બાવીસમી નથી? આજે આપણે પરણવાનાં નહોતાં?"

નીરવ કહે છે કે,

હેં?–હા...એ તો–તેની કોણે ના કહી? પણ આ બધા હુલ્લડમાં તો ભલભલા માંડી વાળે છે કે મુલતવી રાખે છે. તું છાપાં નથી વાંચતી?" (પૃ. ૧૪૯)

નીરવનો નિર્ણય સાંભળી શાશ્વતી આઘાત પામે છે.

"ઝાંખું સ્વપ્ન દેખાવા લાગ્યું. ઘનઘોર રાત, તોફાની નદી અને માટીનો કાચો ઘડો લઈને બહાર નીકળેલી એક તરુણી.. શાશ્વતીએ આંખો પર હાથ ફેરવીને સ્વપ્નું લૂછી નાખ્યું." ('ટાઢ', પૃ. ૧૫૦)

'નો કૉમેન્ટસ' ('જાવલ', ૨૦૦૧)

શ્વેતાની સોનાની બંગળી અજાણ્યો શખ્સ કાઢી લે છે. શ્વેતાને બંગળી ચોરાઈ જવાની ઘટના યાદ નથી. તે માણસનું મોઢું પણ યાદ નથી. કુણાલ તેની વાત પર વિશ્વાસ કરતો નથી. કુણાલ આ પ્રસંગ ભૂલી શકતો નથી. શ્વેતા પિયરમાંથી નવી બંગળી લાવી દેવાનું જણાવે છે. કુણાલ શ્વેતાના પિયર પક્ષ પર શંકા કરે છે. આ વાત જાણી શ્વેતા કુણાલ સાથે ઝઘડો કરે છે.

"આ જ માણસનો હાથ પકડીને એણે પોતાનું ઘર છોડ્યું હતું?" (પૃ. ૨૭)

'અવસર ચૂક્યા મેહુલા' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

શચી અને સંજય એકબીજાને પ્રેમ કરે છે. બંને એકબીજાને જણાવતાં નથી. સંજય શચીના મનને જાણી જ શકતો નથી. શચી સંજય પ્રત્યેના પ્રેમના કારણે ફોઈના ઘરે રહેવા આવે છે. શચીના પિતા સંજય સાથેના લગ્નની વાત કરે છે. શચી શરમના કારણે પ્રત્યુત્તર ન આપતાં સંજય ગુસ્સે થાય છે. પૂરતી વાત જાણ્યા વગર જ તે તરલા સાથે લગ્ન કરી લે છે. શચી બીમાર પડી જાય છે. સંજયના આ નિર્ણયથી શચી સંઘર્ષની અનુભૂતિ કરે છે.

"સંજયને પારકો થતો જોવાની હિંમત તેનામાં નહોતી." (પૃ. ૨૦)

સંજયના ગુસ્સાના સ્વભાવને કારણે શચીનું જીવન અંધકારમય બની જાય છે. આ રીતે શચીનો સંજય સાથેનો સંઘર્ષ વ્યક્ત થયો છે.

સંજયને લગ્ન પછી જાણ થાય છે કે શચી પોતાની સાથે લગ્ન કરવા તૈયાર હતી. શચીનું શરીર સૂકાયેલું જોઈને સંજયને પોતાની ભૂલ સમજાય છે. શચીનું દુ:ખ જોઈને  સંજય દુ:ખી થાય છે.

"સુંદર ને સ્વસ્થ શચીના દેહના આ હાલ જોઈ સંજયના મને હાહાકાર મચાવી મૂક્યો હતો........સંજયનું મન બધું મનઅભિમાન ભૂલી જઈ શચીનાં ચરણોમાં ઢળી પડવા અધીર બની ગયું હતું." (પૃ. ૨૦)

આ રીતે શચી અને સંજય એકબીજાને પ્રેમ કરતાં હોવા છતાં વાણી-વ્યવહારને લીધે લગ્નમાં જોડાઈ શકતાં નથી. આ કારણે બંને પાત્રો સંઘર્ષનો અનુભવ કરે છે.

'એક મુસાફરી' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સ્વાતિ અને શોભન એકબીજાને ચાહે છે. તે શોભનના માતાપિતાને મળવા માટે રેલ્વેમાં મુસાફરી કરે છે. રેલ્વેયાત્રા દરમિયાન સાંકળચંદ નામનો કંજૂસ અને ઝઘડાખોર માણસ બેસે છે. રેલ્વેનો દરવાજો બંધ હોવાથી સાંકળચંદ સ્વાતિના પિતાને અપશબ્દો બોલી નાખે છે.

"આગલે સ્ટેશનેથી બેઠા હશો એટલે આ ડબો શું બાપનો માલ થઈ ગયો? તમે સમજો છો શું? એક તો બારણાં બંધ, વળી પાછા સામન નથી મૂકવા દેતા!" (પૃ. ૬૧)

ગામના સ્ટેશને ઊતરતાં સાંકળચંદ સ્વાતિને ધક્કો મારે છે. ઊતરવાનું સ્ટેશન આવતાં જ સ્વાતિને જાણ થાય છે કે આ અસહ્ય માણસ જ શોભનના પિતા છે. આ પરિસ્થિતિથી સ્વાતિ સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

"આ કજિયાખોર માણસને કશું કહેવાની ઇચ્છા તેને થઈ નહીં. બાપની વધારે પાસે સરીને તે બારી બહાર મોં રાખીને શ્વાસ લેવા લાગી." (પૃ. ૬૪)

'બુડથલ' (જાવલ', ૨૦૦૧)

નાયિકાના પતિને કામાર્થે અમેરિકા રહેવું પડે છે. નાયિકાને પાંચ સંતાનો છે. તે બધાં પરણીને પોતાનો ઘરસંસાર માંડે છે. નાયિકાના પતિને અદિતી સાથે પ્રેમ થઈ જાય છે. તેની સાથે લગ્ન કરવા માગે છે. સંતાનો માને સમજાવીને છૂટાછેડાના કાગળ પર સહી કરવા આવ્યાં છે. પોતાનાં સંતાનોના મોઢે આ સાંભળી નાયિકા ધ્રૂજવા લાગે છે.

"હું ક્યાં એમની આબરૂ પર છાંટા ઉડાડવા ગઈ છું? પણ આ ઘરડે ઘડપણ તમે બધાં આ શી વાત લઈ આવ્યાં છો? એમને મોઢે ના સાંભળું ત્યાં લગી આવું બધું હું માનું નહીં." (પૃ. ૫૯)

"તો મેં આટલાં વરસ કર્યું શું? મંદ અવાજ માના કંઠમાંથી નીકળ્યો." (પૃ. ૫૯)

માની આંખમાં રોષ પ્રગટે છે. સંતાનો પણ પિતાની પ્રેમિકાની વાત નાયિકાથી છુપાવે છે. પતિ અને સંતાનોના કારણે નાયિકા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

'અરુન્ધતી' ('જાવલ', ૨૦૦૧)

ઉદ્ધવ–અરુન્ધતી પતિપત્ની છે. તેમનાં સંતાનો આરામ-વિરામ અને નિરાલી છે. ઉદ્ધવને મોનિકા સાથે પ્રેમ થાય છે. તેની સાથે પરણવા માગે છે. અરુન્ધતી ઉદ્ધવને મોનિકા સાથે પરણવાની પરવાનગી આપી દે છે. અરુન્ધતી સંતાનોને ઉદ્ધવ પાસે રાખવાનું નિર્ણય કરે છે. અરુન્ધતી પોતાનાં સંતાનોના ભવિષ્ય વિશે વિચારી સંઘર્ષ અનુભવે છે. તે વિચારે છે,

"આ છોકરાંઓ કંઈ કાયમ બાર વરસના નથી રહેવાના. ભણશે, વધારે ભણવાનો મોહ રાખશે, કામે લાગવું હશે, પરણવું હશે. પોતાની લાચારી સમજીને સહાનુભૂતિ દર્શાવશે કે પોતાની નિષ્ફળતા પ્રત્યે ક્રોધ દર્શાવશે?" (પૃ. ૧૩૬)

'નર્મદા' ('એક લહર', ૧૯૫૭)

યશોદાના લગ્ન બિહારી સાથે થાય છે. બિહારી  માલતીને પ્રેમ કરે છે. યશોદાને લગ્નની પહેલી જ રાત્રે બિહારીની પ્રેમિકાની જાણ થાય છે. તેની આંખે અંધારાં આવી જાય છે. બિહારી યશોદાને પોતાના માતા-પિતાની જવાબદારી સોંપી માલતી સાથે ચાલ્યો જાય છે. યશોદાના પિતાને આ વાતની જાણ હોવા છતાં બિહારી સાથે પરણાવી દે છે. યશોદાનો તેના પિતા અને પતિના કારણે જીવન બરબાદ થયાનો વિચાર આવતાં આઘાત પામે છે.

"બાળકોની રમાડતી માતાઓને જોતાં, આનંદકિલ્લોલ કરતાં પતિપત્નીને જોતાં તેનાથી નિસાસો નખાઈ જતો, "મારો તો ભવ બગડ્યો!"? (પૃ. ૧૫૮)

યશોદાને જીવનભર દુ:ખ આપ્યું હોવા છતાં બીમાર બિહારીની સેવા કરે છે. બિહારીને માલતીની ચિંતા થાય છે. માલતીની જવાબદારી યશોદા લે છે. આ જોઈ બિહારી સંઘર્ષ અનુભવે છે.

"પોતે જેની જિંદગી ધૂળમાં મેળવી હતી તે સ્ત્રીનો આ પ્રેમ જોઈ બિહારી દ્રવી ઊઠ્યો." (પૃ. ૧૬૨)

'લક્ષ્મણરેખા' ('જાવલ', ૨૦૦૧)

શંકુતલા મરાઠી છે. તે અભ્યાસમાં હોશિયાર હતી. સ્કૉલરશીપ પણ મેળવતી. તેને ગુજરાતી ડૉક્ટર સાથે પ્રેમ થાય છે. બંને પરણી જાય છે. સંતાનો જન્મે છે. લગ્ન બાદ શંકુતલા ગુજરાતીનો અભ્યાસ કરે છે. પરંતુ ડૉક્ટર સહાય કરતા નથી. તેના બંને છોકરાં અને પતિ જણાવે છે કે તું મરાઠી તે મરાઠી જ રહેવાની. પતિ અને સંતાનો પણ શંકુતલાની મશ્કરી કરે છે. તે ઘર છોડવાનો નિર્ણય કરે છે.

"તમે મારા બધા પ્રયાસો જોયા કર્યા, એકેમાં કદી સહાય ન કરી, તેનો પણ મને વાંધો નહોતો. ફક્ત તમે તટસ્થ રહ્યા હોત!" (પૃ. ૧૪૮)

'લિપસ્ટિક' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પૌલોમી આધુનિક ફેશન ધરાવતી યુવતી છે. અશોકનું ગાંધી વિચારધારાવાળું વ્યક્તિત્વ છે. બંને એક જ શાળામાં સેવા આપે છે. અશોક પૌલોમીના લિપસ્ટિક લગાડવાના શોખનો વિરોધ કરે છે. અશોક વિદ્યાર્થીનીઓ પર ખરાબ પ્રભાવ પડશે એમ કહી પૌલોમીનું અપમાન કરે છે.

"આ બધાં રંગરોગાન-આ વિલાયતી કપડાં-આ ચેનચાળા તમને લોકોને શોભે-શોભતા હશે પણ અમને એ કેટલા ત્રાસદાયક લાગે છે એનો વિચાર કર્યો છે કોઈ દિવસ? અને અમારી વાત તો ઠીક, પણ આ કુમળી બાળાઓ આગળ કેટલો ખોટો દાખલો બેસે છે?" (પૃ. ૪૯)

અશોક સાથેના સંઘર્ષને કારણે પૌલોમી શાળામાંથી રાજીનામું આપે છે. આ વાતની અશોકને જાણ થાય છે. કોઈપણ વ્યક્તિને પરાણે શોખનો ત્યાગ કરાવવો તે હિંસા બરાબર છે એમ વિચારી સંઘર્ષ અનુભવે છે.

"તેના જેવી સુંદરીને પોતાનું રૂપ વધારવાનું મન થાય એ પણ શું સ્વાભાવિક નહોતું? ...આખો દિવસ તેને ચેન પડ્યું નહીં." (પૃ. ૫૩)

આ રીતે અશોક ગાંધીવાદી વિચાર ધરાવતો હોવાથી પૌલોમીનું અપમાન કરે છે. જેના કારણે પૌલોમી સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. અહિંસામાં માનતો અશોક પત્નીના મોજશોખને રૂંધવામાં પણ હિંસા છે એ લાગણી થતાં સંઘર્ષમાં મૂકાય છે.

'ધીમું ઝેર' ('એક લહર', ૧૯૫૭)

લીલા પરજ્ઞાતિના ગરીબ પ્રભાતને પ્રેમ કરે છે. તેની સાથે લગ્ન કરવા માગે છે. આ વાતની જાણ તેના પિતા થાય છે. તે ભિખારી સાથે લગ્ન કરવાની મંજૂરી આપતા નથી. લીલાને ઘરની બહાર નીકળવા દેવામાં આવતી નથી. તેના મા-બાપ ઘરમાં લગ્ન માટે લીલાને દબાણ કરતા. લીલા આપઘાત કરવાના વિચાર કરવા લાગે છે.

"ડૂબી મર મારા મોં આગળથી, મને તારી સામે જોવું નથી ગમતું." (પૃ. ૨૧)

"રાતદિવસ માનું મૌન, પિતાનો ક્રોધ અને નાની બહેનનું બાળસુલભ કુતૂહલ. આ બધાથી તે ગાંડા જેવી થઈ ગઈ." (પૃ. ૨૧)

લીલાના કાકાનું આગમન થાય છે. તે ઘરની પરિસ્થિતિ જુએ છે. તે લીલાને વૈભવી જીવન જીવવાની ટેવ પડાવે છે. કાકાની પુત્રની વહુનું વૈભવવાળું જીવન જોઈને લીલાનું હૃદય પરિવર્તન થાય છે. તેને ગરીબ પ્રભાત સાથે ફરવા જવાનું મન થતું નથી. એકતરફ લીલા પ્રભાતને પ્રેમ કરે છે. બીજી તરફ તેને ગરીબી જીવન જીવવું નથી. આ પરિસ્થિતિથી લીલા સ્વ સંઘર્ષ અનુભવે છે.

"ચૌદ દિવસ પૂરા થયા ને લીલા તર્કવિતર્કમાં ખોવાઈ ગઈ. શું કરવું? પ્રભાત સાથે આજે વાત કરી જ નાખવી જોઈએ." (પૃ. ૨૯)

પ્રભાત લીલાને ફરવા જવાની વાત કરે છે. તેની પાસે પૂરતા રૂપિયા ન હોવાથી લીલાનો શોખ પૂરો કરી શકતો નથી. લીલાના બદલાયેલા વર્તન જોઈને પ્રભાતના મનને ઠેસ પહોંચે છે.

"લાલ આંખોમાં ઝળઝળિયાં ભરાવા માંડ્યા. ખોટી ઉધરસ ખાતો પ્રભાત રૂમાલથી મોં સંતાડી રહ્યો." (પૃ. ૩૦)

'વિસર્જન' ('જાવલ', ૨૦૦૧)

ભાગીરથી સદાશિવની (પતિ) ઓછી કમાણીમાં સરસ ઘર ચલાવે છે. તે પુત્ર-વહુ અને તેમના સંતાનોને પણ સાચવે છે. સદાશિવ ઘરમાં ગણપતિ બાપાની સ્થાપના કરે છે. સદાશિવ ગણપતિની મૂર્તિને અગિયાર દિવસ થયા હોવા છતાં વિસર્જન કરતા નથી. ઘરમાં અનાજ ખૂટી જાય છે. સદાશિવ ઘરના સભ્યોની ચિંતા કર્યા વગર પ્રસાદ

બનાવીને રોજ વહેંચ્યા કરે છે. ભાગીરથીને સંતાનોની ચિંતા થાય છે. તે સદાશિવને ગણપતિ દાદાનું વિસર્જન કરી દેવાનું જણાવે છે. સદાશિવ ભાગીરથીને માથામાં લોટો મારે છે. સદાશિવ કહે છે કે,

"ચલ હટ! તું પણ એવી જ નીકળી! હવે અહીંયાં પગ ન મૂકતી, નહીંતર....." (પૃ.૨૧૫)

સદાશિવના આ વર્તનથી ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ થાય છે. ભાગીરથી સંતાનોની ચિંતા કરી ભાગીરથી પતિ સાથે લડતી જોવા મળે છે.

આ રીતે સ્ત્રીના પુરુષ સાથેના સંઘર્ષના જૂથમાં ૧૮ વાર્તાઓનો સમાવેશ થયેલો છે. જેમાં ૯ વાર્તાઓ તીવ્રતમ, ૪ વાર્તાઓ તીવ્ર, ૨ વાર્તાઓ મધ્યમ અને ૩ વાર્તાઓ નિમ્ન તીવ્રતા ધરાવતી જોવા મળે છે. પુરુષના આધિપત્યના કારણે સ્ત્રી પોતાના સંતાનથી દૂર થતી જોવા મળે છે. પતિના દુર્વ્યવહારના કારણે સંઘર્ષમાં મૂકાતી સ્ત્રી 'વિસર્જન' અને 'પ્રયાગ' વાર્તામાં જોઈ શકાય છે. પોતાના પ્રેમ પર અતૂટ વિશ્વાસ ધરાવતી સ્ત્રીઓનો વિશ્વાસ તૂટતાં માનસિક મથામણ અનુભવે છે. સ્ત્રી પોતાના પિતાના નિર્ણયના કારણે પ્રિય પાત્ર સાથે લગ્ન ન કરી શકતી સ્ત્રીઓનો સંઘર્ષ 'ધીમું ઝેર' અને 'સંયોગ' વાર્તામાં જોવા મળે છે. સ્વાતિ પોતાના ભાઈઓના જોહુકમી વલણથી સ્ત્રી તંગ આવી ગયેલી જોઈ શકાય છે. 'અવસર ચૂક્યા મેહુલા' અને 'લિપસ્ટિક' જેવી વાર્તાઓમાં પુરુષપાત્રો પણ સ્ત્રીવિષયક સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. આ વાર્તાઓને જોતાં માલૂમ પડે છે કે  સ્ત્રીનો પતિ, પ્રેમી, પિતા, ભાઈ, પુત્ર વગેરે સ્ત્રીના સંઘર્ષનું કારણ બને છે.

## જૂથ 3: સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ

ગુજરાતી સાહિત્યમાં નારીજીવન ઘણું નિરૂપાયેલું જોવા મળે છે. સ્ત્રી હૃદયની સંવેદના, સ્ત્રીઓનું શોષણ અને તેમની મન:સ્થિતિનું આલેખન જોવા મળે છે. પરંતુ આપણા સમાજમાં એવી પણ ઘણી સ્ત્રીઓ છે જે એક સ્ત્રી અન્ય સ્ત્રીઓને, તેમની વેદનાઓને, તેમના સંઘર્ષોને સમજી શકતી નથી. એક સ્ત્રીને હરાવવાનું, પછાળવાનું, નીચા દેખાડવાનું કામ બીજું કોઈ કરતું નથી, એ કામ એક સ્ત્રી જ કરે છે અને એમાં તેને સંતોષ મળે છે કે પછી કહો કે તેનો અહમ સંતોષાય છે. જોકે આ સંતોષ મેળવવાની આ જે રીત છે એજ તેને પોતાના લોકોથી દૂર કરવાનું કામ કરે છે. સ્ત્રીઓમાં એકબીજા પ્રત્યે ઈર્ષ્યા, દ્વેષ જેવી લાગણીઓ જોવા મળે છે.

આ જૂથમાં માતા-પુત્રી, બહેન-બહેન, સાસુ-વહુ વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. મા પોતાની જ દીકરી પ્રત્યે ઈર્ષ્યા કરતી જોવા મળે છે. તે ઉપરાંત સમાજમાં સાસુ-વહુના સંબંધો પણ એક સમસ્યા બની ગઈ છે. પહેલાંના સમયમાં સાસુ તરફથી થતો હીન વર્તાવ અને અપમાનને વહુ સહન કરી લેતી હતી પરંતુ હવે જમાનો બદલાયો છે. એક આધુનિક વહુ સાસુની બીક રાખ્યા વિના જે સાચું લાગે એ વિના સંકોચ સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે. જેના કારણે સંઘર્ષ ઉત્પન્ન થાય છે.

આ સ્ત્રીના સ્ત્રી સાથેના સંઘર્ષમાં ૧૩ વાર્તાઓનો સમાવેશ થયો છે. જેની સંઘર્ષની તીવ્રતા મુજબ ગોઠવણી કરી છે.

'દીકરીનું ધન' ('એક લહર', ૧૯૫૭)

શકુંતલા અપરણિત યુવતી છે. તે નોકરી કરીને ઘર ચલાવે છે. ઘરનો અને નાના ભાઈને ડૉક્ટરી ભણાવવાનો ખર્ચ તેની કમાણીમાંથી નીકળે છે. તેના માતા-પિતા તેની કમાણીના કારણે લગ્ન કરાવતા નથી. શંકુતલાને હરવા ફરવાનો શોખ છે, લગ્ન

કરવાની ઇચ્છા છે. તે પૂર્ણ થતી નથી. વસુમતીબહેન શકુંતલા માટે સગાઈની વાત કરે છે. શકુંતલ ખુશ થઈ જાય છે. તેની મા સગાઈનો અસ્વીકાર કરે છે. શંકુતલા તેની માને કારણે સંઘર્ષ અનુભવે થાય છે. શંકુતલા વિચારે છે,

'અરે, છાનીમાની પેલી યુવાની ક્યારે આવીને ચાલી ગઈ? હવે શું કાયમ આ જ ફાઈલો ને તુમારકામના ઢસરડામાં દટાઈ રહેવાનું? તેને ઘડીભર થયું. ના, ના, પણ કુલીન ઘરની કન્યા કેમ કરીને માબાપને કહેવા જાય કે મારે પરણવું છે, વર શોધી આપો!' (પૃ. ૯૩)

'રક્ષાબંધન' ('એક લહર', ૧૯૫૭)

વિધવા મા સખત પરિશ્રમ કરીને કીર્તિને (દીકરો) ઉછેરે છે. કીર્તિ પ્રેમીલા સાથે લગ્ન કરવાની વાત કરે છે. માને પ્રેમીલાના ખરાબ સ્વભાવની જાણ હતી. પ્રેમીલા સાથે લગ્નની ના પડતાં કીર્તિ રીસાઈ જશે એવું વિચારી લગ્નની મંજૂરી આપે છે. કીર્તિનાં પ્રેમીલા સાથે લગ્ન થાય છે. કીર્તિની માને પીઠમાં ભારે કળતર થાય છે. તે રસોઈ બનાવી શકતી નથી. મા બીમારીનું નાટક કરે છે એવું પ્રેમીલા કીર્તિને જણાવે છે. કીર્તિ માને ઢોંગી માની લે છે. આ જાણી માની આંખમાંથી આંસુ વહેવા લાગે છે. પોતે કેટલા વહાલથી ઊછેર્યો હતો તે યાદ કરી દુ:ખી બને છે. દીકરાના આવા વર્તનથી મા સંઘર્ષ અનુભવે છે. કીર્તિ માને કહે છે કે,

"....આવી માંદગી, હું માનતો હતો, રાજદ્વારી પુરુષોને જ આવતી હશે. "(પૃ. ૫)

"કીર્તિ, ખરેખર શું વહુના કહેવા પરથી તેં માને ઢોંગી માની લીધી? આટલો બરડો ફાટફાટ થાય છે. તોયે દીકરા, તેં એકવાર પાસે આવીને ખબરેય ન પૂછી કે, "તને શું થાય છે?.....(પૃ. ૬)

પ્રેમીલા મા-દીકરા વચ્ચેના સંબંધોમાં તિરાડ પડાવે છે. કીર્તિ પ્રેમીલાની કહેવાથી અલગ રહેવાનું નક્કી કરે છે. માના પગ નીચેની ધરતી સરી જતી હોય એમ લાગ્યું. પ્રેમીલા નણંદ કુંજનું પણ અપમાન કરે છે. પ્રેમીલાનું વર્તન  મા સહન કરી શકતી નથી.

"જોયું ડૉક્ટરના પૈસા બગાડવા તૈયાર થયા હતા, પણ આ તો વહુ પાસે કામ કરાવવાની માંદગી હતી. કુંવરીને માટે કેવું જમણ તૈયાર થયું, જુઓ છો કે નહીં?" (પૃ .૫)

"ગઈ કાલથી બદલાયેલા વહુના રંગઢંગ આમેય માથી સહન નહોતા થતા. તેમાંયે દીકરાના દેખતાં જ બોલાયેલા આ વેણ અગ્નિમાં ઘી હોમવાનું  કામ કર્યું." (પૃ. ૬)

'મનસ્વિની' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સુવર્ણા અને આશા બે બહેનો છે. સુવર્ણા ગોરી, ઊંચી અને દેખાવડી હતી. મોટીબહેન આશા શ્યામ વાનની અને કદરૂપી હતી. આશાને જોવા માટે યુવાન આવે છે. તે યુવાનને સુવર્ણા પસંદ આવે છે. આ વાત જાણી સુવર્ણા આશાને આશ્વાસન આપવા આવે છે. તે સુવર્ણાને ધક્કો મારે છે. આ ઘટના સુવર્ણાના અંતરની લાગણીને હચમચાવી ગઈ.

"સુવર્ણાના હ્રદયમાં કાંટો ભોંકાયો. આ પહેલો પ્રસંગ હતો કે જ્યારે બે બહેનોનાં સુખદુ:ખ સહિયારી મિલકત મટી ગયાં હતાં. સાથે ઊછરેલાં, સાથે ભણેલાં. સાથે રમેલાં

એ બંનેમાં એકબીજાને માટે અતૂટ પ્રેમ હતો. કઈ વાત એવી નહોતી કે જે એકે બીજીને કરી ન હોય. આશા, આશંકા, ભય, ચિંતા, સુખ; બધું જ બંનેએ સાથે માણ્યું હતું, સાથે વેઠ્યું હતું." (પૃ.૪૬)

આશાના શ્યામ વાનને કારણે લગ્ન થતાં ન હતાં. આશાને જોવા આવેલો યુવાન લગ્ન માટે ઇન્કાર કરે છે. આશા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

"લજ્જાભર્યે ચહેરે આશા જાંબલી રંગની સાડી પહેરીને બેઠી હતી. તેના શામળા રંગ સાથે એ સાડી જરાયે શોભતી નહોતી. આશા નાપાસ થઈ હતી. ઘરમાં ગમગીની છવાઈ ગઈ." (પૃ.૪૫)

સુવર્ણા ગોરી, ઊંચી અને દેખાવડી હતી. સુવર્ણાને બધા જ રંગની સાડી શોભતી. બધી છોકરીઓ તે સાડીની પ્રશંસાં કરતી. એ જ સાડી આશા પહેરતાં તેને શોભતી નથી. આશાને જોવા આવેલો છોકરો પણ સુવર્ણાને પસંદ કરે છે. આશાને સુવર્ણા પ્રત્યે ઈર્ષ્યા થાય છે.

"એનું એ લૂગડું પોતે પહેરતી ત્યારે કોઈ કાંઈ પૂછતું નહીં...આશાને અંગે અડતાં શું એનો રંગ ઝાંખો પડી જતો હતો?" (પૃ. ૪૩)

સુવર્ણા મા-બહેન પાસે ભણવાનું બહાનું કાઢી છાત્રાલયમાં રહેવા ચાલી જાય છે. સુવર્ણાનો આશા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

'કુંજગલીનો સાદ' ('ટાઢ', ૧૯૮૭)

સુમંતના સલોની સાથે લગ્ન થાય છે. તેમને વીકી અને નીલ બે સંતાનો છે. સલોનીને સાસુ આશાબહેન અને સસરા પસંદ નથી. સલોનીના ત્રાસથી સસરા ઘર

છોડીને ચાલ્યા જાય છે. સલોની આશાબહેનને માન આપતી નથી. સુમંત માના ખોળામાં માથું મૂકીને ઊંઘે તે સલોનીને પસંદ નથી. પોતાના સંતાનોને પણ આશાબહેનથી દૂર રાખે છે. સલોનીના કારણે આશાબહેન ઘર છોડી પતિ સાથે ચાલ્યા જવાનો નિર્ણય કરે છે. આશાબહેન પોતાના સંતાનોનો વિચાર કરે છે. જુઓ;

"સુમંત કેટલો દુ:ખી થઈ જાય! અને છોકરાં? નીલનું મોં જોયા વગર તો એમને મોંમાં કોળિયો પેસતો નહીં."

સલોનીના વર્તનને યાદ કરતાં તે વિચારે છે કે,

"જવાનું એટલે જવાનું. દુ:ખેસુખે દહાડા કાઢી નાખવાના, આ ઘર ખાલી કરી નાખવાનું. સલોનીના જીવને સુખ થશે, શાંતિથી રહેશે. આજકાલની વહુનો શો ભરોસો? ક્યાંક વીફરે ને છૂટાછેડા લેવા ઊભી થઈ જાય તો આખો માળો જ વીંખાઈ જાય ને!" (પૃ.૯૦)

એકતરફ સલોનીનો પોતાના પ્રત્યેનો રુક્ષ વ્યવહાર છે, બીજી તરફ પોતાના દીકરા અને પૌત્ર પ્રત્યેનો પ્રેમ છે. આ બે પાસાંનો વિચાર કરી આશાબહેન તીવ્ર માનસિક મથામણ અનુભવે છે.

સોનાનું ઘડિયાળ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

મનોરમાની મા મૃત્યુ પામે છે. પિતા પુનર્લગ્ન કરે છે. સાવકીમા મનોરમાને ખૂબ જ દુ:ખ આપતી. મનોરમાને વસંત નામના યુવાન સાથે પ્રેમ થાય છે. આ જાણીને સાવકી મા ચાળીસ વર્ષના બીજવર સાથે મનોરમાના લગ્ન ગોઠવે છે. મનોરમા વસંત સાથે ભાગી જાય છે. સાવકી માનો પુત્ર રસિકલાલ ઉંમરમાં નાના હતા. તેમને મનોરમા

પ્રત્યે ખૂબ જ વહાલ હતું. તે પ્રેમથી અજાણ છે. તે મનોરમાને પકડી લાવે છે. તેના લગ્ન બીજવર સાથે કરાવી નાખે છે. વસંત સાથે લગ્ન ન થઈ શકવાથી મનોરમા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

"બોલેબોલે પ્રશંસાના પુષ્પો વેરાતાં તેને બદલે તેના કુમળા સંસ્કારી જીવને રહેંસી નાખતાં શબ્દબાણો છૂટવા લાગ્યાં." (પૃ. ૧૭૪)

મનોરમા પ્રત્યે રસિકલાલને ખૂબ જ લાગણી હતી. તેને દુ:ખી જોઈને રસિકલાલ પણ દુ:ખી થઈ જતા. રસિકલાલ અબુધ બુદ્ધિના હોવાથી મનોરમાને પકડી લાવે છે. તેમને ઇનામરૂપે સોનાનું ઘડિયાળ મળે છે. મનોરમાનું ભય અને દુ:ખથી લેવાઈ ગયેલું મોં જોઈને રસિકલાલને પશ્ચાતાપ થતાં સંઘર્ષ અનુભવે છે.

"સોનાનું ઘડિયાળ મેળવવાના લોભમાં તેના આશાભર્યા જીવન પર કુહાડી ફેરવી દીધી.....મારી અકથ્ય વેદના અને પશ્ચાતાપ કેમે કરીને હું એને જણાવી શક્યો નહીં." (પૃ. ૧૮૨)

આ રીતે સાવકીમાના કારણે મનોરમા પોતાના પ્રેમી સાથે લગ્ન કરી શકી નથી. તેના કારણે મનોરમા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. પોતાની માનું મનોરમા પ્રત્યે રુક્ષ વલણ તેમજ અજાણતાં મનોરમાની જિંદગી બરબાદ કરી એમ વિચારી રસિકલાલ પણ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

'મમ્મી નામનો પરપોટો' ('ટાઢ', ૧૯૮૭)

માલાના પતિ મિતુલ સાથે છૂટાછેડા થયા છે. માલા દીકરી તમન્ના સાથે રહે છે. તમન્નાનો વિચાર કરી માલા બીજા લગ્ન કરતી નથી. માલા તમન્નાનો ડ્રેસ પહેરે છે. એ

જોઈ તમન્ના મા પર ક્રોધે ભરાય છે. માલા ડ્રેસ કાઢી નાખે છે. માલાને દુ:ખી જોઈ તમન્ના બોલે છે,

"તારે જે કરવું હોય તે કર, જે પહેરવું હોય તે પહેર, જ્યાં ફરવું હોય ત્યાં ફર, જેની સાથે." (પૃ. ૬૫)

તમન્ના સમજણી થતાં માને તિરસ્કાર અને શંકાની દૃષ્ટિએ જુએ છે. માલા દીકરીની ખાતર બીજા લગ્ન ન કરી શકી. દીકરીના સારા ભવિષ્ય માટે માલા પોતાની ઇચ્છાને પૂરી કરતી નથી. માલા તમન્નાના લીધે સંઘર્ષની અનુભૂતિ કરે છે.

મિતુલ સાથે છૂટાછેડા થવાથી માલા એકલવાયું જીવન વિતાવે છે. પોતાના જીવનની આ પરિસ્થિતિનું કારણ ઈશ્વરને ગણે છે.

"ઈશ્વર નહોતો. ક્યારેય નહોતો. મિતુલ ચાલ્યો ગયો ત્યારે તો નહીં જ, મળ્યો ત્યારે પણ નહીં.....હોત તો તેનો આવો અણધાર્યો અશોભન અંત ન આવ્યો હોત...પણ એય કેમ કહેવાય? ઈશ્વરના કયા કામમાં ભલીવાર હોય છે?" (પૃ. ૬૭)

'એક છોકરીનું સ્મિત' ('ટાઢ', ૧૯૮૭)

કૌશાંબી સત્તર વરસની છે. તેની નાની બહેન વૈશાલી સોળ વરસની છે. કૌશાંબી હંમેશાં બધાં સાથે ખુશીથી રહેતી. મોં ચડાવવું એ તેના સ્વભાવમાં નહોતું. કૌશાંબી ડૉક્ટર, માળી, પૉસ્ટમેન, વિરલ, મધુ બધાને ગમતી. કૌશાંબીનો આ સ્વભાવ તેની મા અને વૈશાલીને પસંદ ન હતો. હંમેશાં તેને ટોકતાં અને અણગમાથી જોતાં. મા કૌશાંબીના સરળ સ્વભાવ જોઈને બોલી નાખે છે. જુઓ;

"હું એ જ જાણવા માંગું છું કે શાથી એને એટલું બધું ડહાપણ કરવું પડે છે? શા માટે એ તને સામે પડતો બોલાવવા આવે છે?" (પૃ. ૧૨૮)

"બધા છો ને જ કહેતા, તે પોતે હવે જાણતી હતી કે માને તે સારી નહોતી લાગતી. બાપુને નહીં, વિશુને નહીં, ઘરમાં કોઈને નહીં. બહારના લોકો કહે તેથી શું? મા જેટલું જાણે તેટલું કંઈ બીજું કોઈ જાણવાનું હતું?" (પૃ. ૧૨૭)

માની કડક આંખો સામે કૌશાંબી ધ્રૂજી ગઈ. મા અને વૈશાલી બંનેના પોતાના પ્રત્યેના વ્યવહારથી કૌશાંબી સંઘર્ષ અનુભવે છે.

'તંતુ' ('જાવલ', ૨૦૦૧)

અંકિતા અને મન્મથ પતિ-પત્ની છે. તેમની મિત્સુ નામની પુત્રી છે. અંકિતાને પરેશ સાથે પ્રેમ થાય છે. અંકિતા મિત્સુ અને મન્મથને છોડી પરેશ સાથે પરણે છે. મન્મથ આઘાતના કારણે માંદો પડી ગુજરી જાય છે. મિત્સુ તેના દાદા-દાદી સાથે રહીને મોટી થાય છે. સમય જતાં દાદા મિત્સુને અંકિતા અને પરેશને સોંપે છે. મિત્સુ અંકિતાને પિતાના મોતની ગુનેગાર માને છે. અંકિતાને ખૂબ દુ:ખ થાય છે. રડવા લાગે છે. પરેશ અંકિતાને આશ્વાસન આપે છે. મિત્સુ અંકિતાને પરેશની બાહોમાં જુએ છે. અંકિતા શરમજનક સ્થિતિમાં મૂકાય છે.

"આજે મિત્સુએ પોતાને જે હાલતમાં જોઈ એ હાલતમાં શું પોતે પોતાની માને જોવાની કલ્પના પણ કરી શકે?"(પૃ. ૭૮)

અંકિતા કંપી ઊઠી. મિત્સુ અંકિતાને પોતાની મા માનતી નથી. તેમાંય મિત્સુ અંકિતાને પરેશની બાહોમાં જોતાં અંકિતા શરમ અનુભવે છે. અંકિતા પોતાની મા વિશે

અન્ય પુરુષ સાથેના સંબંધના વિચાર માત્રથી દુ:ખી બને છે. મિત્સુ પોતાને આવી હાલતમાં જોઈ જવાથી અંકિતા માનસિક મથામણ અનુભવે છે.

મિત્સુ માને છે કે અંકિતા છોડીને ચાલ્યા જવાથી પોતાના પિતા મૃત્યુ પામ્યા છે. તે અંકિતાને મા તરીકે માન આપતી નથી. આ વાત જાણી અંકિતા દુ:ખી થાય છે. પરેશ મિત્સુને પોતાની માને સાચવવાનું જણાવે છે. મિત્સુ વિચારે છે,

"આ મિસ્ટર પરેશ દલાલ એને ભલામણ કરતા હતા, 'એ દુ:ખી છે-એને સાચવજે.' સાચવોને તમે જ! તમે જ ભગાડી ગયા હતા, તમે જ મારા પપ્પાને એકલા પાડી દીધા-મારી નાખ્યા. તમારે જ એને સાચવવાની, તમારી પત્ની છે ને? મારા પપ્પાની નથી." (પૃ. ૮૧)

મિત્સુ પોતાના પિતાના મોતની જવાબદાર અંકિતાને ગણે છે. તે અંકિતા સાથે વાત પણ કરતી નથી. મિત્સુ તેની મા અંકિતાને કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

'તરુ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

તરુ તેજસ્વી વિદ્યાર્થીની છે. તે હંમેશાં પ્રથમ નંબરે પાસ થતી. તરુની મા જૂનવાણી વિચાર ધરાવે છે. તે તરુ માટે મેટ્રિક નાપાસ મુરતિયો પસંદ કરે છે. તે તરુને કૉલેજમાં અભ્યાસ કરવાની પરવાનગી આપતી નથી. તરુ મેટ્રિકથી આગળ ભણે એ તેની માને પસંદ ન હતું. તરુનો મા સાથેના સંઘર્ષ જોઈ શકાય છે.

"મારી ઇચ્છા તો એને મૅટ્રિકની પરીક્ષામાં બેસાડવાની જ નથી ને! મૂઈ ચબાવલી એવી છે કે પહેલે જ ધડાકે પાસ થઈને આવશે." (પૃ. ૧૪૩)

આ રીતે તરુ મા જૂનવાણી વિચાર ધરાવતી હોવાના કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

'હરીફ' ('વિશ્રંભકથા', ૧૯૫૫)

ઘરમાં સુહાસ દીકરી નીલા સાથે રહે છે. સુહાસ ક્લબ જવા માટે તૈયાર થાય છે. પોતે પિસ્તાળીસ વર્ષની હોવા છતાં હજુ દેખાવડી લાગતી હતી. સુહાસ પોતાની જાતના વખાણ કરે છે. સુહાસની નજર નીલા ઉપર પડે છે. નીલા સૌંદર્ય સાધનોના ઉપયોગ વગર પણ આકર્ષક લાગતી હતી. નીલા સુહાસને ક્લબમાં સાથે લઈ જવા વિનંતી કરે છે. આ સાંભળી સુહાસ થંભી ગઈ. તે વિચારે છે કે,

"લોકો શું કહેશે? ક્લબના જૂના સભ્યો તો કદાચ વર્ષોની દોસ્તી જાળવી રાખે પણ પેલા યુવાનોનું જૂથ? એમને તો નિ:શક નીલા જ પસંદ પડવાની......"(પૃ.૯૨)

નીલાના ક્લબમાં સાથે આવવાથી પોતાના પ્રશંસક મિત્રોને નીલા જ પસંદ આવશે એ વિચારી સુહાસ સંઘર્ષ અનુભવે છે.

'માતૃભક્ત' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

નિર્મળાને જાણવા મળે છે કે કાશીમામા મામીને સાસુ સામે ઊંચા અવાજે બોલવાથી મારઝૂડ કરે છે. તે પોતાના મોસાળ ભાદરણ જાય છે. મામી કામમાં વ્યસ્ત હોવાથી સાસુને કામની ના પાડે છે. સાસુ ગુસ્સે થાય છે. આજકાલની વહુઓ કેવી કહ્યામાં રહેતી એમ કહી સાસુ રડે છે. બંને વચ્ચે સંઘર્ષ થાય છે.

"મોટીબાએ આજકાલની વહુઓ કેવી કહ્યામાં નથી રહેતી, તેમના જમાનામાં કેવું મોટાંની સામે ચૂં કે ચાં નહોતું બોલી શકાતું તે પુરાણ પ્રસિદ્ધ વિષય પર એક લાંબું ભાષણ છોડી મૂક્યું." (પૃ. ૧૩૨)

"કોને ખબર દેશમાં કેટલીયે સ્ત્રીઓ આમ જ રોટલા ઘડીઘડીને આયુષ્ય પૂરૂં કરતી હશે! (પૃ. ૧૩૧)

આ રીતે સાસુના વર્તનના કારણે વહુ મરજી મુજબ જીવી શકતી નથી.

'બીજી મધુરજની' ('એક લહર', ૧૯૫૭)

લલિતાનો પોતાની સાસુ સાથેનો સંઘર્ષ છે. સંયુક્ત કુટુંબમાં ઘરના મોભી મોતીભાઈ કલકત્તામાં નોકરી કરે છે. લલિતા પતિથી દૂર રહીને કુટુંબની સેવા જ કરે છે. મોતીભાઈ કલકત્તામાંના ધંધામાં ઓતપ્રોત રહે છે. તે પત્નીને સમય આપી શકતા નથી. પરંતુ ચાલીસ વર્ષ પછી કલકત્તામાં પત્નીને સાથે લઈ જાય છે. તે લલિતાના પ્રેમની સાચી ઓળખ પામે છે. જે લલિતાના સાસુને સ્વીકાર્ય નથી.

"મોટી ઉંમરનાં આ વરવહુનું જે સંવનન શરૂ થયું તે છેક દેશમાં એના પડઘા પડ્યા. આથી કમળાબાએ કાગળમાં બહુ નહીં હરવા ફરવાના જે ચેતવણીના સૂર સંભળાવ્યા હતા તેનો કોઈએ બહુ શોક પાળ્યો નહીં. આ બાજુ દેશમાં ઘરેથી પૈસાની ઉઘરાણીનો કાગળ આવ્યો ત્યારે મોતીભાઈએ પૈસા મોકલવાની ના પાડી. તેથી જવાબમાં અત્યંત કડક કાગળ આવ્યો જેમાં લલિતા વહુ પર આક્ષેપો હતા. અને પાછી મોકલી દેવાનું કહ્યું." (પૃ. ૧૨૦)

લલિતા સાસુના ઘરે પાછા જવાના નિર્ણયથી સંઘર્ષમય પરિસ્થિતિનો સામનો કરે છે.

'કંકુચોખા' ('જાવલ', ૨૦૦૧)

ચૈતાલી કિંજલને પ્રેમ કરે છે. અનસૂયાબહેનને (મા) કિંજલ પસંદ નથી. માને ન ગમવાનું કારણ કિંજલના લાંબા વાળ છે. ચૈતાલી ઘરેથી નીકળી મામીના ઘરે ચાલી જાય છે. અનસુયાબહેન ચૈતાલીના લગ્ન કિંજલ સાથે કરવાની પરવાનગી આપતાં નથી. ચૈતાલી સંઘર્ષની અનુભૂતિ કરે છે.

"હું કિંજલ વિના રહી શકું તેમ નથી. અને મમ્મીને કિંજલ ગમતો નથી. આ સંજોગોમાં મારે ઘર છોડવું જ પડે ને!" (પૃ. ૧૯૮)

આ વાર્તામાં ચૈતાલી કિંજલને પ્રેમ કરે છે. મા તેના લાંબા વાળને કારણે વિરોધ ઉઠાવે છે. મા- દિકરી વચ્ચે સંઘર્ષ થાય છે.

ઉપર્યુક્ત વાર્તાઓને તપાસતાં આપણને જણાય છે કે વાર્તાકારની વાર્તાઓમાં મા-દીકરી અને સાસુ-વહુ વચ્ચેના સંબંધ ઉપર વધારે ભાર મૂક્યો છે. 'દીકરીનું ધન' વાર્તામાં મા દીકરીના લગ્ન પોતાના સ્વાર્થ ખાતર કરાવતી નથી. એનાથી વિરુદ્ધ 'તરુ' વાર્તામાં મા ભણવા ઇચ્છતી દીકરીના લગ્ન કરાવવાની ફરજ પાડતી જોવા મળે છે. 'કંકુચોખા' અને 'સોનાનું ઘડિયાળ' વાર્તામાં મા દીકરીના લગ્ન એના મનપસંદ પાત્ર સાથે ન કરાવતાં સંઘર્ષમાં મૂકાતી નજરે પડે છે. સાસુ-વહુના સંઘર્ષને ઉજાગર કરતી વાર્તાઓમાં 'રક્ષાબંધન', 'કુંજગલીનો સાદ', માતૃભક્ત' અને 'બીજી મધુરજની' છે.

## જૂથ ૪: સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ

સાહિત્યમાં સમાજ દર્શન અને સમાજનું પ્રતિબિંબ કોઈને કોઈ સ્વરૂપે ઝીલાતું હોય છે. તેમાંય સાહિત્ય માટે તો કહેવાયું છે કે 'સાહિત્ય એટલે સમાજનું દર્પણ'. સાહિત્યરૂપી દર્પણમાં સામાજિક સમસ્યાનું પ્રતિબિંબ ઝીલાતું હોય છે. પછી તે ગ્રામીણ સમાજ હોય કે નગર સમાજ, નિમ્ન સમાજ હોય કે ભદ્ર સમાજ, દરેક સમુદાયમાં સ્ત્રીવિષયક સંઘર્ષો, સાંપ્રત સમસ્યા અને તેનું વાસ્તવ દર્શન કરાવે છે.

સાહિત્યમાં સમાજનું સીધું આલેખન જોવા મળતું નથી, પરંતુ તે સમયની લકીર તો મળી જ રહે છે. ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીની જે છબી જોવા મળે છે તે સમય સાથે અનુબંધ ધરાવે છે. સમાજે સ્ત્રીને તેના કુદરતી સહજ સ્વરૂપમાં ખીલવા દેવાને બદલે આદર્શ નારીનું એક ચોકઠું તૈયાર કરી દીધું છે. જેમાં સમાજ હંમેશાં સ્ત્રીને બંધ બેસાડતો આવ્યો છે. જે સ્વભાવ, ભાવનાઓ, ઊર્મિઓ, વ્યવહાર અને વલણ સ્ત્રી સહજ ગણાય છે તે જન્મસિદ્ધ નથી.

આ જૂથમાં સમાજના રિવાજો, બંધનો, અંધશ્રદ્ધા, માન્યતાઓ વગેરેના કારણે સ્ત્રીને ઘણું સહન કરવું પડે છે. આપણા સમાજના લોકો અંધશ્રદ્ધામાં ખૂબ વિશ્વાસ ધરાવે છે. અંધશ્રદ્ધાના કારણે સ્ત્રીનું જીવન બરબાદ થઈ જતું હોય છે જેનો ખ્યાલ આપણને 'જાવલ' વાર્તા પરથી આવે છે. સમાજની પ્રતિષ્ઠાને કારણે સ્ત્રી પોતાના પ્રિય પાત્ર સાથે લગ્ન કરી શકતી નથી. મોટાભાગનાં લોકો સમાજના ડરથી પોતાના મનપસંદ કાર્યો કરી શકતાં નથી, કાંતો સમાજમાં પ્રતિષ્ઠાના ડરથી જીવતી હોય છે. સમાજ પ્રત્યેની આ વિચારધારાના કારણે સ્ત્રી ઘણા સંઘર્ષનો સામનો કરતી જોવા મળે છે.

સમાજમાં સ્ત્રીના વ્યક્તિત્વનું, તેના અસ્તિત્વનું શું? શું તે માત્ર એક શરીર છે? તેની ઇચ્છા, લાગણીઓ, વેદના, સંવેદના, બુદ્ધિ, તર્ક વગેરેનું કોઈ મહત્વ જ નથી?

આપણું ગુજરાતી સાહિત્ય આવા મૂલ્યોનું ચિત્રણ કરી સમાજને શું બતાવવા માગે છે? તેનો ઉલ્લેખ આ જૂથમાં કર્યો છે. સ્ત્રીનો સમાજ સાથેના સાંઘર્ષના આ જૂથમાં છ વાર્તાઓનો સમાવેશ થયો છે, જેને સંઘર્ષની તીવ્રતા પ્રમાણે ગોઠવણી કરી છે.

'જાવલ' ('જાવલ', ૨૦૦૧)

જાવલ વૃદ્ધ અને ગરીબ હતી. તેને છ છોકરાં અને એક છોકરી મણકી હતી. તેમાંથી એક પણ સંતાન જાવલ સાથે રહેતાં ન હતાં. જાવલનો પતિ પણ છોડીને ચાલ્યો ગયો હતો. જાવલનો છોકરો નાનો હતો ત્યારે ખૂબ રડતો. સાસુએ આકડાંના પાન લેવા મોકલી હતી. ગામના લોકો જાવલને આકડાના પાન તોડતાં જુએ છે. જાવલ મેલીવિદ્યા કરે છે એમ વિચારે છે. ગામલોકો જાવલને ડાકણ માની બેસે છે. ગામમાં કોઈપણ અણબનાવ બનતાં બધાને જાવલ પર શંકા થતી. જાવલ લોકોની અંધશ્રદ્ધાના કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

"મને ગોમમાં રેવાય ના દીધી ગોમવારાઓએ. ભૂખી ને ભૂખી મરી જાઉં તોય ચપટી લોટેય ના આલે મને. મૂઆ એ ગોમવાર. મુખીના છિયાની જોડે એમનીયે ઠાઠડી કિમ નથ બંધાતી?" (પૃ. ૧૧૪)

'અધૂરો કૉલ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વસુ અને અનંત એકબીજાને પ્રેમ કરે છે. તેઓ સમાજની પ્રતિષ્ઠાને કારણે લગ્ન કરી શકતાં નથી. વસુ પોતાના પ્રેમને જાહેર કરવા માગતી નથી. કોઈ રસ્તો ન સૂઝતાં વસુ આપઘાત કરવાનો નિર્ણય અનંતને જણાવે છે. અનંતને પણ વસુ વગરનું જીવન

નકામું લાગે છે. તે વસુને આપઘાત કરવાના બદલે દૂર ચાલ્યા જવાની વાત કરે છે. વસુ આ સાંભળી અસ્વસ્થ બને છે. વસુની હાલત જોઈને અનંત દુ:ખી બને છે.

"તું મને એટલી બધી વહાલી છે કે તારો જરાય જીવ દુ:ખાય એ મારાથી સહેવાતું નથી. એટલે જ તો તારો આવો નિર્ણય પણ મારે અપનાવ્યા વગર છૂટકો નથી." (પૃ. ૭૦)

અનંત વસુને સાથે જ આપઘાત કરી લેવાની ઇચ્છા વ્યક્ત કરે છે. વસુ વિચારે છે કે આપઘાત સાથે કરવાથી પોતાનો પ્રેમ સમાજમાં ખુલ્લો પડી જશે. વસુ મૃત્યુ પછી પણ સમાજમાં પોતાની અને પોતાના મા-બાપની ઇજ્જતનો વિચાર કરી સંઘર્ષ અનુભવે છે.

"મરતાં મરતાં ય સાથે મરવાનો તો લહાવો લેવા દેવો હતો!..."

"અનંત તું હજી સમજતો નથી. આપણે એવું કરીએ તો પછી લોકોમાં કેવું દેખાય? બધા જ જાણી જાય  કે આ બંનેને પ્રેમ હશે." (પૃ. ૭૦)

'અનાથાશ્રમની કન્યા'  ('એક લહર', ૧૯૫૭)

મધુકાન્તના વિવાહ તૂટે છે. તેના પિતા વસનભાઈ માટે આબરૂનો સવાલ હતો. વસનભાઈ રાતોરાત છોકરી શોધી મધુકાન્તના લગ્ન કરી નાખે છે. ઘરમાં રૂડીરૂપાળી વહુ આવે છે. વહુનું નામ હેમલતા હતું. દેખાવમાં સુંદર અને કામકાજમાં પણ હોશિયાર હતી. પરંતુ સમાજમાં જાણ થાય છે કે હેમલતા અનાથાશ્રમમાં ઉછરેલી છોકરી છે. બધા લોકો તેને ઉપેક્ષાથી કાંતો મજાકભરી દૃષ્ટિથી જોવા લાગે છે. હેમલતા ઘરની બહાર નીકળવાનું બંધ કરી દે છે.

"પહેલાં એ પ્રેમભર્યા શબ્દોની નવીનતા હજી ઓસરે તે પહેલાં જ અકસ્માત આવી પડેલાં આ ઉપેક્ષા અને અનાદરે હેમલતાનો ઉલ્લાસ હણી નાખ્યો હતો. નિરપરાધી કેદીની જેમ તે શાંતિથી, ઉદાસીનતાથી એક પછી એક દિવસ સાસરે વિતાવતી હતી." (પૃ. ૪૩)

હેમલતાનો પતિ, સાસુ-સસરા પણ હેમલતાનો સાથ આપતા નથી. હેમલતા ઘરની બહાર પણ નીકળતી નહિ.

'આશા' ('જાવલ', ૨૦૦૧)

આશા તેનાં માતા-પિતાનું પાંચમું સંતાન હતી. આશા જન્મથી જ બોડકી હતી. તેના કારણે માતા-પિતા પંદર વરસની વયે જ આશાના લગ્ન બીજવર સાથે કરાવી દે છે. આશા બોડકી હોવાને કારણે લગ્ન ટકતા નથી. આશાના માતા-પિતા તેને માર મારે છે, ગાળો આપ્યા કરે છે. આશા તેના પિતાને રૂપિયા પરત કરવા નોકરી કરે છે. આશા બોડકી અને છોકરી તરીકે જન્મ લેતાં તેનાં મા-બાપ તેની સાથે ખરાબ દુર્વ્યવહાર કરે છે. આશા માટે પરિવારજનોનો પોતાના પ્રત્યેનો તિરસ્કાર સંઘર્ષનું કારણ બને છે.

"માબાપ ભાઈબહેન બધાં સગાં જ છે. કોઈ સાવકું નથી. હું સૌથી નાની. ચંપલનો માર ખાઈખાઈને મોટી થઈ ને લાકડીનો માર ખાઈ ખાઈને મરીશ." (પૃ. ૧૭૨)

આશા યશવંતને ખૂબ પ્રેમ કરે છે. યશવંત પણ આશા સાથે લગ્ન કરવા માગે છે. આશા વિચારે છે કે પોતે પરણિત સ્ત્રી થઈને બીજીવાર પરણીને યશવંતની જિંદગી શું કામ બગાડવાની?

"યશવંત સાથે પરણીશ તો એય કોક દહાડો મને બોડકી કહીને ખીજવશે, મારશે, ગાળો દેશે-પછી હું કોનું મોં જોઈને જીવીશ, સાહેબ?" (પૃ. ૧૭૩)

યશવંત પણ લગ્ન પછી પરિવારજનોની જેમ બોડકી કહીને ખીજવશે, મારશે એમ વિચારી આશા સ્વ સાથેની માનસિક મથામણ અનુભવે છે.

'નર્તનમૂર્તિ' ('એક લહર', ૧૯૫૭)

કંચનબહેન વેણુને નૃત્યના તાલીમ વર્ગમાં મૂકે છે. કંચનબહેનની દેરાણીની પુત્રી દક્ષા પણ નૃત્યની તાલીમ લે છે. કંચનબહેનને દક્ષા નૃત્યની તાલીમ લે તે પસંદ નથી.

"વેણુની જગ્યાએ દક્ષાને નાચતી જોતાં ત્યારે હજીયે તેમનું હૃદય અદેખાઈથી બળી જતું, પણ શું થાય?" (પૃ. ૧૭૯)

આ રીતે કંચનબહેન દેરાણીની દક્ષાને નૃત્ય કરતી જોઈને તેની ટીકા કરે છે.

વેણુનું મન પણ નૃત્યમાં પરોવાય છે. તેને અભ્યાસમાં મન લાગતું નથી. વેણુ રંગમચ પર અલગ-અલગ નૃત્ય કાર્યક્રમો કરે છે. લોકો વેણુના નૃત્ય દિવાના બની જાય છે. વેણુના પિતા તેના માટે વર શોધે છે. સમાજના લોકો નૃત્ય કરતી છોકરીને વહુ બનાવવા માગતાં ન હતાં. વેણુ માટે વર શોધવો મુશ્કેલ બની જાય છે. સમાજની પ્રતિષ્ઠાને કારણે લોકો નૃત્ય કરતી વેણુને પસંદ કરતા નથી.

"વેણુને માટે વર શોધવો કઠણ હતો. તેને નાચતી જોઈ વાહ વાહ કરનાર કુટુંબો તેને કુળવધૂ તરીકે સ્વીકારવા રાજી નહોતાં." (પૃ. ૧૭૯)

વેણુના પિતા સુશિક્ષિત યુવાન સાથે વેણુના લગ્ન કરાવી નાખે છે. વેણુને ખાસ ઉત્સાહ નહોતો. વેણુના પતિ તેના નૃત્યની છબી જોઈને પ્રશંસા કરે છે.

"ઘેલી રે ઘેલી! તું શું એમ ધારતી હતી કે હવે તને હું લોકોની સામે નાચવા દઈશ?...પળ માત્રને માટે જાગી ઊઠેલી એ સ્વપ્નસૃષ્ટિને વિલીન થતી જોઈ રહેલી વેણુ તન્મય થઈ." (પૃ. ૧૮૦-૧૮૧)

વેણુ પતિ પાસે નૃત્ય કરવાની પરવાનગી માગે છે. પતિ રંગમંચ પર નૃત્ય કરવાનો ઇન્કાર કરે છે.

'દૃષ્ટોદૃષ્ટ' ('ટાઢ', ૧૯૮૭)

કાશીમાના પતિનું મૃત્યુ થયું છે. કાશીમાનો દીકરો નારણ જુગારિયો છે. તે જુગારમાં ઘરના બધા દાગીના વેચી કાઢે છે. પતિની અંતિમ ક્રિયાઓની વિધિ માટે ઘરમાં રૂપિયા રહ્યા નથી. કાશીમા હિંમત કરીને નારણને રૂપિયાની વ્યવસ્થા કરવાનું જણાવે છે. નારણ કાશીમા પર ક્રોધે ભરાય છે. જુઓ;

"મને હું પૂછ છ? મારી જેવજેવડા બે બચ્ચાંના બાપ થઈ ગ્યા તોય તમારા લોકોની ઊંઘ ઊડી? પૈણાયો હોત તો કાંય કામ કર્યું'તું–હહરો આઈને ઊભો હોત. છેવટ બાયડીનાં ઘરેણાં તો કામ લાગત!" (પૃ. ૧૬૦)

કાશીમાને પિતા-પુત્રના ખરાબ વર્તનને કારણે કોઈની મદદ મળતી નથી. પતિની લૌકિક ક્રિયા પૂરી કરવા કાશીમા પોતાની માએ આપેલી રામતુલસી વેચવા તૈયાર થાય છે. કાશીમા વિચારે છે કે એ રૂપિયામાંથી વિધિ પૂરી કરશે. રામતુલસી ખોટી નીકળવાથી કાશીમાની આશા ખોટી પડે છે. આર્થિક પરિસ્થિતિના કારણે કાશીમા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે.

"બાપ-દીકરાએ કોઈ પિતરાઈઓ સાથે પણ સારાસારી રાખી નથી. કોણ પડખે આવીને ઊભું રહેવાનું હતું? શી રીતે કારજ પાર પાડવાનું હતું?" (પૃ.૧૫૯)

ઉપરોક્ત વાર્તાઓને જોતાં માલૂમ પડે છે કે સમાજે બનાવેલા રૂઢિ રિવાજો, માન્યતાઓ વગેરેના કારણે સ્ત્રી સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. 'અધૂરો કૉલ' વાર્તાની સ્ત્રી સમાજમાં પોતાની અને મા-બાપની પ્રતિષ્ઠા જાળવવા પ્રિય પાત્ર સાથે લગ્ન કરતી નથી. અંધશ્રદ્ધાનો ભોગ બનતી 'જાવલ' વાર્તામાં સ્ત્રીને સમાજમાં ઘણા સંઘર્ષનો સામનો કરવો પડે છે. તો 'અનાથાશ્રમની કન્યા' અને 'નર્તનમૂર્તિ' વાર્તામાં કન્યાના લગ્ન કરવા માટે કુટુંબની પ્રતિષ્ઠાને જવાબદાર ગણાવે છે. સ્ત્રી ભલે ગરીબ ઘરની હોય, તેની પાસે એક રૂપિયો ન હોય પરંતુ તેને સમાજમાં માન જાળવવા અમુક વિધિ કરવી પડે છે. આ રીતે સ્ત્રી સમાજના રૂઢિ રિવાજો, માન્યતા, કાયદાઓ, અંધશ્રદ્ધાના કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાતી નજરે પડે છે.

## જૂથ ૫: પુરુષનો સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ

સ્ત્રીવિષયક સંઘર્ષને સ્ત્રી જ સમજી શકે કે અનુભવી શકે તેવું હોતું નથી. આપણા સમાજમાં ઘણા પુરુષો એવા પણ છે જે સ્ત્રીની વેદના, ભાવના કે સંઘર્ષને સમજી પોતે અનુભવી પણ શકે છે.

પુરુષ પ્રેમિકા સાથે લગ્ન ન કરી શકવાના કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. જ્યારે પ્રેમિકાનો પતિ દુ:ખ આપે છે ત્યારે તે સહન કરી શકતો નથી. જે નીચેની 'કૂંપળ' વાર્તામાં જોઈ શકાય છે.

'કૂંપળ' ('જાવલ', ૨૦૦૧)

સુનંદાના અને મનોજના લગ્ન થવાનાં હતાં. પરંતુ જાનૈયાઓના મહેંણાંએ સુનંદાના બાપે લગ્ન ન થવા દીધાં. લીલા તોરણેથી મનોજ પાછો આવે છે. મનોજ સુનંદાને ખૂબ પ્રેમ કરતો હતો. મનોજના પિતા માલતી સાથે ઘડીયા લગ્ન લઈ લે છે. વર્ષો પછી માલતી મનોજને કહે છે કે સુનંદા માંદી છે. તેને કૅન્સર કે ટી.બી થયા હશે એવું જાણવા મળે છે. ખાલી હાડકાં અને ચામડાં બચ્યાં છે તેમજ રોજ વરનો માર સહન કરવો પડે છે. આ સાંભળી મનોજની આંખે અંધારાં આવી જાય છે. તે સુનંદાને યાદ કરવા લાગે છે. સુનંદાની હાલતથી મનોજને દુ:ખ થાય છે.

"મનોજનું હૃદય જાણે કે ચાલતું બંધ થઈ ગયું. કાનમાં તમરાં બોલવા માંડ્યાં." (પૃ. ૧૦૭)

આ રીતે આ જૂથમાં પુરુષનો સ્ત્રીવિષયક સંઘર્ષની વાત કરી છે. જેમાં પુરુષ પોતાની પ્રેમિકાના દુ:ખને જાણી પોતે દુ:ખી થતો જોવા મળે છે.

**સમાપન**

ધીરૂબહેન પટેલની વાર્તાઓમાં સ્ત્રી હૃદયની સંવેદના, સ્ત્રીઓનું શોષણ અને તેમની મન:સ્થિતિનું ચિતાર જોવા મળે છે. આ વાર્તાઓમાં જે જીવનમીમાંસા છે તે સ્ત્રીના જીવનની છે. સ્ત્રીની દૃષ્ટિએ કરાયેલી છે. સ્ત્રી કોઈ સમસ્યાને લઈને પોતાની જાત સંઘર્ષ કરતી જોવા મળે છે કાં તો તે પુરુષ, સ્ત્રી કે સમાજ સાથે સંઘર્ષ કરતી જોવા મળે છે. ધીરૂબહેનની વાર્તાઓમાં મોટાભાગની સ્ત્રી પોતાના અસ્તિત્વ માટે સ્વ સંઘર્ષ કરતી વધારે જોવા મળે છે. સ્ત્રી પોતાના અસ્તિત્વ માટે પોતાના પતિ સાથે પણ સંઘર્ષ વ્યક્ત કરતી જોવા મળે છે. સ્ત્રી કેવી રીતે પોતાના જીવનમાં સંઘર્ષ કરીને જીવન વ્યતીત કરે છે એ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. કોઈ વાર્તામાં સ્ત્રી પોતાના પતિ માટે કંઈ પણ

કરવા તૈયાર હોય છે, તો કોઈ વાર્તામાં પતિના ખરાબ વર્તનના કારણે તેની સાથે લડી લેવા પણ તૈયાર હોય છે. ઉપરોક્ત પ્રમાણે આ પ્રકરણમાં સ્ત્રીનો સ્ત્રી, પુરુષ તેમજ સમાજ સાથેના સંઘર્ષને ધીરૂબહેને કેવી રીતે વ્યક્ત કર્યો છે તે અહીં જોઈ શકાય છે.

સ્વસંઘર્ષના જૂથને તપાસતાં નજરે પડે છે કે સ્ત્રીના આંતરિક સંઘર્ષના સ્વરૂપમાં ઘણી વિવિધતા જોવા મળે છે. સંઘર્ષના આ નિરૂપણમાં જોઈએ તો સ્ત્રીને અપેક્ષા મુજબ પતિ ન મળવાથી સંઘર્ષમય સ્થિતિમાં મૂકાતી જોવા મળે છે. જેના કારણે તે પોતાના મન પરનો કાબૂ ગુમાવી બેસતાં બેભાન બનીને ઢળી પડે છે. પતિસુખથી વંચિત રહી ગયેલી સ્ત્રીનો અપેક્ષાભંગ પણ સ્વ સંઘર્ષનું કારણ બને છે. જેમાં 'વિશ્રંભકથા', 'નટવાનો દોર', અને 'એક વખત' જેવી વાર્તાઓમાં સ્ત્રી પોતાના પ્રેમી સાથે લગ્ન કરી શકી નથી.

સ્ત્રીના પુરુષ સાથેના સંઘર્ષના જૂથમાં ૧૮ વાર્તાઓનો સમાવેશ થયેલો છે. જેમાં ૯ વાર્તાઓ તીવ્રતમ, ૪ વાર્તાઓ તીવ્ર, ૨ વાર્તાઓ મધ્યમ અને ૩ વાર્તાઓ નિમ્ન તીવ્રતા ધરાવતી જોવા મળે છે. પુરુષના આધિપત્યના કારણે સ્ત્રી પોતાના સંતાનથી દૂર થતી જોવા મળે છે. પતિની આગળ લાચાર સ્ત્રી સંતાનો માટે અવાજ પણ ઉઠાવી શકતી નથી.

'નર્મદા' અને 'અરુન્ધતી' વાર્તામાં પતિના સુખ ખાતર સ્ત્રી પોતાના અસ્તિત્વનું બલિદાન આપતી જોવા મળે છે. પતિના દુર્વ્યવહારના કારણે સંઘર્ષમાં મૂકાતી સ્ત્રી 'વિસર્જન' અને 'પ્રયાગ' વાર્તામાં જોઈ શકાય છે. 'કવિના પ્રેમપત્રો', 'નો કૉમેન્ટસ' અને 'અનિવાર્ય સંજોગોને લીધે' વાર્તામાં પોતાના પ્રેમ પર અતૂટ વિશ્વાસ ધરાવતી સ્ત્રીઓનો વિશ્વાસ તૂટતાં માનસિક મથામણ અનુભવે છે. વાર્તાકારની વાર્તાઓમાં મા-દીકરી અને સાસુ-વહુ વચ્ચેના સંબંધ ઉપર વધારે ભાર મૂક્યો છે.

'દીકરીનું ધન' વાર્તામાં મા દીકરીના લગ્ન પોતાના સ્વાર્થ ખાતર કરાવતી નથી. એનાથી વિરુદ્ધ 'તરુ' વાર્તામાં મા ભણવા ઇચ્છતી દીકરીના લગ્ન કરાવવાની ફરજ પાડતી જોવા મળે છે. પોતાની દીકરીની સુંદરતાના કારણે અસલામતી અનુભવતી સ્ત્રી 'મમ્મી નામનો પરપોટો' અને 'હરીફ' વાર્તામાં જોઈ શકાય છે.

---

[i] બુદ્ધિપ્રકાશ, અંક:૧૩૧, માસ-એપ્રિલ, ૧૯૮૪, લેખ: 'કેફિયત', લેખિકા: ધીરૂબહેન પટેલ, પૃ.૧૪૩